
Published on 10th of every month

ગ્રામસ્વરાજ

અંક : ૬ • વર્ષ : ૮૦ • ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬

કિંમત ₹ ૭ • વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026



અનુક્રમણિકા

અંક–૬ ● વર્ષ : ૮૦
૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

સંપાદક મંડળ

* ઘનશ્યામભાઈ એચ. અમીન
* ભીખાભાઈ ઝ. પટેલ

* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :

ગુજરાત રાજ્ય સહકારી સંઘ

સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com

સુખ અને દુ:ખની ઘટનાઓ વચ્ચે
બદલાતા સમયની સાથે જીવનનાં લક્ષ્ય પણ
બદલાઈ જાય છે
– શ્રી પુલક ત્રિવેદી ૩

નેશનલ કો–ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ
(NCOL): ભારતના સહકારી ક્ષેત્રે જૈવિક ક્રાંતિ
– ડો.વી. એમ. ચૌધરી ૬

આદિવાસીઓના મસીહા એટલે વસુધારા ડેરીના
મેનેજિંગ ડિરેક્ટર સ્વ.શ્રી નરેન્દ્ર વશી સાહેબ
– પ્રા. હસમુખ દેસાઇ ૧૪

ભારતીય જ્ઞાન સંપદામાં
આજના જળસંકટનો ઉકેલ
– પ્રો. ડો. અજીતસિંહ રાણા ૧૮

સહકારી ધોરણે ઇલેક્ટ્રિક વાહન
(EV) ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના
– શ્રી સ્નેહા ટી. જાની ૨૨

ધ્યાન એટલે મનને સાવ ખાલીખમ કરવું
– શ્રી કિરણ ચાંપાનેરી (યોગ સાધક) ૨૬

આરોગ્ય ઔષધ – ઉપવાસ
– શ્રી નવીન વી. વાછાણી ૨૯

ભારત 'વિસ્તાર' : કિસાનોની મદદ કરશે
એઆઇ સેવા
– શ્રી નિલય ઉપાધ્યાય ૩૧

ગ્રામસ્વરાજ

* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે 'ગ્રામસ્વરાજ' મોકલવામાં આવે છે.
* 'ગ્રામસ્વરાજ' માસિક તથા 'સહકાર' પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને "ગ્રામસ્વરાજ" તથા 'સહકાર' વિના લવાજમે મોકલવામાં આવે છે.

ચિંતન

સુખ અને દુઃખની ઘટનાઓ વચ્ચે બદલાતા સમયની સાથે જીવનનાં લક્ષ્ય પણ બદલાઈ જાય છે

લક્ષ્ય નક્કી કરવાં એ મોટી વાત નથી,
પણ નક્કી કરેલા લક્ષ્યને વળગી રહીને એ દિશામાં આગળ વધવું એ મોટી વાત છે

દરેકને ક્યારેક તો પ્રશ્ન જરૂર થતો હોય કે 'મારા જીવનનો ઉદ્દેશ શું છે?'મારે જીવનમાં શું કરવાનું છે? આ યક્ષપ્રશ્ન સૌ કોઈને મનમાં રમતો રહે છે. આમ જોવા જઈએ તો આ પ્રકારના પ્રશ્ન સ્વવિકાસનો મોટો પ્રેરણાસ્ત્રોત પણ છે, પ્રત્યેક વ્યક્તિના જીવનનું લક્ષ્ય અલગ-અલગ હોય છે. ઉદ્દેશ સિદ્ધ કરવાના દરેકના માર્ગો પણ સ્વાભાવિક રીતે જુદા હોય છે. રામાયણની પ્રસિદ્ધ કથામાં ભગવાન શ્રી રામના ચરિત્રનો અભ્યાસ કરીએ તો સ્પષ્ટ સમજી શકાય કે સુખ અને દુઃખની ઘટનાઓ વચ્ચે પણ શ્રી રામે આદર્શ જીવનના લક્ષ્યને બિલકુલ બરકરાર રાખ્યું. એક સંપન્ન અને શક્તિશાળી રાજાના પુત્ર અને વિશાળ રજવાડાના રાજકુમાર હોવા છતાં પણ જંગલમાં જીવન ગાળવા માટે હસતા મુખે જવું, રાજકુમાર હોવાના નાતે દશરથના મિત્ર રાજાની સેના આસાનીથી મદદમાં મળી શકી હોત, પરંતુ વાનર સેના અને જંગલવાસીઓની સેના બનાવી લંકા ઉપર ચડાઈ કરી. આની પાછળ આદિવાસીઓને તેમની શક્તિનો અહેસાસ કરાવવાનું શ્રી રામનું લક્ષ્ય હતું. એક રાજા કે રાજકુમાર કરતા વધારે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામ તરીકે ઓળખાય છે. ગમે તેટલા દુઃખના ડુંગરો તૂટી પડે કે પછી સુખસમૃદ્ધિનો સમય હોય જીવનના ઉદ્દેશમાંથી ચલિત ન થવાની પરિભાષા શ્રી રામે જગતને આપી છે.

જે વ્યક્તિને પોતાના જીવનનો ઉદ્દેશ ખબર છે એ ક્યારેય બીજાને ઢોલ વગાડીને કહેતો નથી. એની વર્તણૂક જ એના ઉદ્દેશનો માર્ગ પ્રશસ્ત કરતી હોય છે. પોતાના જીવનનું લક્ષ્ય બીજું કોઈ ક્યારેય સુનિશ્ચિત ન કરી શકે. લક્ષ્ય તો વ્યક્તિએ સ્વયં જ નક્કી કરીને એ દિશામાં આગળ વધવાનું હોય. એક ભાઈ સ્થાનિક કંપનીમાં સિનિયર પોઝિશન ઉપર કામ કરે. એમની પાસે તેમના ક્ષેત્રનું જ્ઞાન પણ ખાસ્સું ઉલ્લેખનીય. એક

પુલક ત્રિવેદી

દિવસ એમના એક મિત્રને એ મળવા ગયા ત્યારે એમને પેલા મિત્રએ વાત વાતમાં પુછ્યુંકે, 'યાર, તારી માટે મેં એક મલ્ટિનેશનલ કંપનીના સિનિયર ઓફિસર એટલે કે સીઈઓ સાથે વાત કરી છે. અત્યારે મળે છે એના કરતાં વળતર પણ ડબલ થશે અને સત્તાનો દાયરો પણ પણ મોટો થશે. બોલ, તારી ઈચ્છા હોય તો ફાઈનલ કરી દઉં ?'

તો મિત્રની આ વાત સાંભળીને બે મિનિટ એ ભાઈ ચૂપ રહ્યા, પછી એમણે સ્મિત સાથે કહ્યું, 'દોસ્ત, મારા માટે મારી આ જોબ બેસ્ટ છે. ભલે તારા મંતવ્ય પ્રમાણે પૈસા અને સત્તા કદાચ ઓછા હોઈ શકે, પરંતુ મારા જીવનના લક્ષ્ય સાથે આ કામ બિલકુલ સુસંગત છે. તારી લાગણીઓ માટે તારો આભાર જરૂર માનું છું પણ હું મારી આ નોકરીથી હું ખુશ છું.'

પેલા મિત્રએ કહ્યું, 'તું ખરેખર પાગલ છે. આટલી સરસ ઓફર ઠુકરાવી રહ્યો છે.' ત્યારે એમણે કહ્યું, 'હા, હું ખરેખર તારી દૃષ્ટિએ પાગલ જરૂર છું. મારે તો કુદરતને માણવાનો સમય જોઈએ. મારે મારા મનને મોજ આવે એવા નદી, ઝરણાના કિનારે, પહાડોની ટોચ ઉપર, મંદિરોની પાળે, સાગર કાંઠે બેસીને મારા અંતરમનમાં ડોકિયું કરવું છે. જ્યારે પણ ઈચ્છા થાય ત્યારે રજા મૂકીને મારી પત્નીને લઈને હું બાઈકને કીક મારીને કે ગાડીને સેલ મારીને અજાણ્યા સ્થળે જઈને કલાકો બેસું છું. ત્યાં આવતાં-જતાં લોકોને નિહાળું છું. ઉડતાં પંખી, ખુલ્લા આકાશ કે ખળ ખળ વહેતા પાણીને મનભરીને માણું છું. આ બધુ મને ગમે છે. દુનિયાદારીની દૃષ્ટિએ કદાચ પૈસા ઓછા હશે, પણ મારા હૃદયમાં મારા લક્ષ્ય સમીપ જવાની મબલખ દોલત મને આમાંથી મળે છે. આ બે મિત્રોની વાતમાં જીવનના સાચા અર્થની વાત સહજ રીતે ઊભરી આવી છે. જીવન માત્ર પસાર કરવાની બાબત નથી. જીવનને અર્થપૂર્ણ બનાવવાનું મહત્વ છે. અર્થપૂર્ણ જીવન ચોક્કસ ઉદ્દેશ સાથે બને. એ વાત પણ એટલી જ સાચી છે કે સમય બદલાતા જીવનનાં લક્ષ્ય પણ બદલાઈ જાય છે. ચાલીસીમાં વિચારેલું લક્ષ્ય કદાચ પચાસ પછી બદલાઈ જાય એમ પણ બને.

એક યુવાન બિઝનેસમેનની વાત યાદ આવે છે. તેણે સરસ નિર્ણય કર્યો. એણે નક્કી કર્યું કે રોજ સાંજે જમીને એ અને એની પત્ની બંને જણાં ડ્રોઈંગ રૂમમાં બેસીને કોઈ પ્રેરણાત્મક પુસ્તક વાંચશે. સાંજે ઘરમાં ટીવી કે મોબાઈલ ચાલુ નહીં કરે. આનું સરસ પરિણામ એ આવ્યું કે આ દંપતીની આઠ-દસ વર્ષની દીકરી પણ રોજ સાંજે એના હોમવર્ક પછી કોઈ પુસ્તક લઈને વાંચવા બેસતી થઈ ગઈ. આજના યુગમાં મોબાઈલ અને ટીવી

એ આવશ્યક જરૂર છે. પરંતુ એનો પ્રભાવ ન હોવો જોઈએ. સાથે સાથે એનો અભાવ પણ ન હોવો જોઈએ. વાંચન એ મનન પહેલાંનું પગથિયું છે. આજે સૌ કોઈનો એક સરખો જ અનુભવ હોય છે કે પરિવારના દરેક સભ્યો ભલે એક રૂમમાં હોય પરંતુ કલાકો સુધી સતત મોબાઈલ ઉપર ચેટ કરતાં રહેતાં હોય છે. આ લોકો ફિઝિકલી એક સાથે એક છત નીચે જરૂર લાગે પણ મેન્ટલી એકબીજાથી માઈલો દૂર હોય છે. આવી પરિસ્થતિ નિવારવા ટીવી અને મોબાઈલનો વિવેકપૂર્ણ ઉપયોગ જરૂરી છે. જાગૃત પરિવારમાં ડાઈનિંગ ટેબલ ઉપર બેસતાં પહેલાં મોબાઈલ અને ટીવી સ્વીચ ઓફ કરીને ભોજન લેવાનો નિયમ હોય છે. આના કારણે ભોજનનો સ્વાદ અને પારિવારિક સંવાદ બન્નેનો આનંદ પાંગરતો હોય છે. યાદ રહે કે ભોજન વેળા ટીવી મોબાઈલ સ્વીચ ઓફ તો સ્વાદ અને પારિવારિક સંવાદ બન્ને આનંદની સ્વીચ ઓન' આપોઆપ થઈ જતી હોય છે. મનની શાંતિ ઊંચા પગાર અને સત્તાવાળી નોકરી, રૂપિયા પૈસા કે મંત્રો જપવાથી ન મળે, સાચી શાંતિ તો જીવનનો ઉદ્દેશ નક્કી કરીને એ દિશામાં મસ્તીથી ચાલવાથી મળતી હોય છે. લક્ષ્ય નક્કી કરવાની મોટી વાત નથી. પરંતુ નક્કી કરેલા લક્ષ્યને વળગી રહીને એ દિશામાં આગળ વધવું મોટી વાત છે. જે વ્યક્તિ બહારી ઉદ્દેશ શોધતો ફરતો હોય છે એ ખોટા માર્ગે દોડતો હોય છે. ઉદ્દેશ વ્યક્તિની બહાર નથી હોતા એ તો વ્યક્તિના અંતરમનમાં ઘડાતા હોય છે, એને તક આપીને બહાર લાવવા પડે. જે વ્યક્તિ પાસે ચોક્કસ લક્ષ્ય છે એ ઘમંડી નથી અને જેની પાસે કોઈ ઉદ્દેશ્ય નથી અને જ્યાં ત્યાં ફાંફાં મારે છે એ ચોક્કસ તરંગી અને ઘમંડી છે. એક વાર જીવનનો ઉદ્દેશ નક્કી થઈ જાય પછી એ સિદ્ધ કરવાના માર્ગો આપોઆપ મળી જતા હોય છે.

આજે સૌ કોઈનો એક સરખો જ અનુભવ હોય છે કે પરિવારના દરેક સભ્યો ભલે એક રૂમમાં હોય પરંતુ કલાકો સુધી સતત મોબાઈલ ઉપર ચેટ કરતાં રહેતાં હોય છે. આ લોકો ફિઝિકલી એક સાથે એક છત નીચે જરૂર લાગે પણ મેન્ટલી એકબીજાથી માઈલો દૂર હોય છે. આવી પરિસ્થતિ નિવારવા ટીવી અને મોબાઈલનો વિવેકપૂર્ણ ઉપયોગ જરૂરી છે. જાગૃત પરિવારમાં ડાઈનિંગ ટેબલ ઉપર બેસતાં પહેલાં મોબાઈલ અને ટીવી સ્વીચ ઓફ કરીને ભોજન લેવાનો નિયમ હોય છે.

સંસ્થા પરિચય

નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL): ભારતના સહકારી ક્ષેત્રે જૈવિક ક્રાંતિ

૧. પ્રસ્તાવના અને સ્થાપનાની પૃષ્ઠભૂમિ

આધુનિક સમયમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના અતિશય વપરાશને કારણે માનવ સ્વાસ્થ્ય અને જમીનની ફળદ્રુપતા પર ગંભીર અસરો જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં સમગ્ર વિશ્વમાં ઓર્ગેનિક (જૈવિક) ઉત્પાદનોની માંગ ઝડપથી વધી રહી છે. ભારતીય કૃષિ ક્ષેત્રમાં જૈવિક (ઓર્ગેનિક) અને કુદરતી ખેતી તરફનો ઝુંકાવ ઝડપથી વધી રહ્યો છે. જૈવિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય બજાર પૂરું પાડવાના ઉદ્દેશ્યથી કેન્દ્રીય સહકાર મંત્રાલય દ્વારા નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL)ની સ્થાપના કરવામાં આવી છે. ભારતમાં સહકારથી સમૃદ્ધિના મંત્રને સાકાર કરવા અને ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા માટે NCOLની સ્થાપના એક મહત્વપૂર્ણ કદમ છે.

૨. સ્થાપના અને બંધારણ

ડો.વી. એમ. ચૌધરી
કન્સલટન્ટ-સહકારી શિક્ષણ,
ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ.
ઈ-મેલ : vm1601@gmail.com

મંજૂરી: કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ૧૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ NCOLની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી હતી.

વિધિવત શુભારંભ: દેશના સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા ૮ નવેમ્બર ૨૦૨૩ના રોજ NCOLનો લોગો, વેબસાઈટ અને બ્રોશર લોન્ચ કરવામાં આવ્યા હતા.

કાયદાકીય માળખું:

આ સંસ્થા Multi-State Co-Operative Societies Act, 2002 હેઠળ નોંધાયેલી રાષ્ટ્રીય કક્ષાની અગ્રણી સહકારી મંડળી છે. આ સહકારી સંસ્થાનું મુખ્ય મથક અને રજિસ્ટર્ડ ઓફિસ નવી દિલ્હીમાં આવેલાં છે.

૩. NCOLના મુખ્ય ઉદ્દેશ્યો

- **છત્ર (અમ્બ્રેલા) સંસ્થા:** દેશમાં ઉત્પાદિત તમામ જૈવિક ઉત્પાદનોનું એકત્રીકરણ કરીને પ્રોસેસિંગ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને વેચાણ એક જ છત હેઠળ કરવું.
- **પ્રમાણીકરણ અને લેબોરેટરી ટેસ્ટિંગ:** ખેડૂતોની જમીન અને પાકની ચકાસણી કરીને તેમને ઓર્ગેનિક સર્ટિફિકેશન પૂરું પાડવું.

- **ખેડૂતોને વ્યાજબી ભાવઃ** ઓર્ગેનિક ખેતી કરતા નાના અને સીમાંત ખેડૂતોને તેમના ઉત્પાદનના મહત્તમ ભાવ અપાવવા.
- **લાભનો સીધો હિસ્સોઃ** NCOL દ્વારા મળતા નફાનો ૫૦% કરતાં વધુ હિસ્સો સીધો જ સભ્ય ખેડૂતોના ખાતામાં પહોંચાડવો.
- **વૈશ્વિક બજારમાં નિકાસઃ** ભારતીય જૈવિક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ કરવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવું.

૪. મુખ્ય પ્રવર્તક સંસ્થાઓ

NCOLની સ્થાપના દેશની મુખ્ય પાંચ સહકારી સંસ્થાઓના સહયોગથી કરવામાં આવી છેઃ

૧. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) - મુખ્ય પ્રમોટર તરીકે સક્રિય રીતે કાર્ય કરે છે.

૨. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF/અમૂલ) - કોલ્ડ ચેઈન અને રિટેલ વેચાણ માટે સચોટ માર્ગદર્શન પ્રદાન કરે છે.

૩. નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NAFED) - રાષ્ટ્રીય ખરીદી નેટવર્ક સંભાળે છે.

૪. નેશનલ કો-ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NCCF) - સ્થાપિત ગ્રાહક વિતરણ ચેનલો પ્રદાન કરે છે.

૫. નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) - સંસ્થાકીય નાણાકીય સહાય પ્રદાન કરે છે.

૫. અધિકૃત શેર મૂડી અને પ્રમોટર્સનો શેર ફાળો

નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડની સ્થાપના રૂા.૫૦૦ કરોડની અધિકૃત મૂડી સાથે કરવામાં આવી છે. પ્રારંભિક સમયે કુલ રૂા.૧૦૦ કરોડની શેર મૂડી ભેગી કરવા પાંચ સ્થાપક પ્રમોટર સંસ્થાઓ રૂા.૨૦-૨૦ કરોડનું યોગદાન આપ્યું હતું.

૬. સભ્યપદ મેળવવા અરજી કરવાની પ્રક્રિયા અને જરૂરી ડોક્યુમેન્ટ્સ

સભ્યપદ મેળવવા વેબસાઈટમાં મૂકવામાં આવેલ અરજી ફોર્મ ભરવાનું હોય છે. અરજી ફોર્મમાં શેરની વિગતો સાથે શેર ફાળવવા મંડળીની શ્રેણી મુજબ નક્કી થયેલી શેરની રકમના ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટ/RTGS/NEFT ની વિગતો ભરવાની હોય છે. અરજી સાથે મંડળીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગનો ઠરાવ, સહકારી મંડળી/FPOની નોંધણીનું પ્રમાણપત્ર, પાન કાર્ડ, જી.એસ.ટી. (લાગુ પડતું હોય તો)ની નકલ અપલોડ કરવાની હોય છે. નવા સભ્યપદ માટે અરજી કરવા NCOLના અધિકૃત પોર્ટલ પર "Apply for New Membership" વિકલ્પ પસંદ કરીને

જરૂરી સંસ્થાકીય વિગતો અને શેર ફાળવણીની રકમની વિગતો ભરી ફોર્મ સબમિટ કરવાનું હોય છે.

૭. નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડનું સદસ્યપદ

નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL) ના સભ્ય બનવાની વિગતો અને શરતો નીચે મુજબ છેઃ

નોંધાયેલ સહકારી સંસ્થાઓ સભ્યપદ મેળવી શકે છે. વ્યક્તિગત રીતે (Individuals) નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડના સભ્ય બનાવવામાં આવતા નથી.

સભ્યપદ માટે સંસ્થાનો વર્ગ, પ્રકાર અને સભ્યપદ માટે જરૂરી ન્યૂનત્તમ શેર ફાળો

રજિસ્ટ્રેશન માટે દરેક વર્ગની સંસ્થાઓએ રૂા.૫૦૦ રજિસ્ટ્રેશન ફી ઉપરાંત નીચે મુજબના શેર ખરીદવા મંડળીના પ્રકાર મુજબ શેર મૂડી જમા કરાવવાની હોય છે.

શ્રેણી-૧ઃ MSCS કાયદા મુજબની સંસ્થાએ રૂા.૧,૦૦૦ ની ફેસ વેલ્યુના ૨,૦૦,૦૦૦ શેર ખરીદવા રૂા.૨,૦૦૦ લાખ એટલે કે રૂા.૨૦ કરોડની રકમ શેર મૂડી માટે ભરવાની રહે છે.

શ્રેણી-૨ઃ રાજ્ય / સર્વોચ્ચ- એપેક્ષ સ્તરની સહકારી મંડળી / ફેડરેશન અને મલ્ટી-સ્ટેટ સહકારી મંડળીએ રૂા.૧,૦૦૦ ની ફેસ વેલ્યુના ૧,૦૦૦ શેર ખરીદવા રૂા.૧૦ લાખની રકમ શેર મૂડી માટે ભરવાની રહે છે.

શ્રેણી-૩ઃ રાજ્ય અથવા પ્રાથમિક સહકારી મંડળી સિવાયની સહકારી મંડળીએ રૂા.૧,૦૦૦ની ફેસ વેલ્યુના ૧૦૦ શેર ખરીદવા રૂા.૧ લાખની રકમ શેર મૂડી માટે ભરવાના રહે છે.

શ્રેણી-૪ઃ પ્રાથમિક સહકારી મંડળીએ રૂા.૧,૦૦૦ ની ફેસ વેલ્યુના ૨૧ શેર ખરીદવા રૂા.૨૧ હજારની રકમ શેર મૂડી માટે ભરવાના હોય છે.

શ્રણી-૫ઃ CRCS દ્વારા મંજૂર કરાયેલ FPO સહિતની અન્ય સંસ્થાઓએ રૂા.૧,૦૦૦ ની ફેસ વેલ્યુના ૨૧ શેર ખરીદવા રૂા.૨૧ હજારની રકમ શેર મૂડી માટે ભરવાની હોય છે.

૮. NCOLની કાર્યપદ્ધતિ, ઓપરેશનલ મોડેલ અને સપ્લાય ચેઈન

NCOL દ્વારા ખેડૂત / પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)/FPO પાસેથી ઓર્ગેનિક ઉત્પાદનોનું એકત્રીકરણ અને ખરીદી (Procurement) કરવામાં આવે છે. જેનું લેબોરેટરીમાં ટેસ્ટિંગ અને પ્રમાણીકરણ (Testing & Certification) કરવામાં આવે છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી આ જૈવિક ઉત્પાદનોનું પ્રોસેસિંગ અને આકર્ષક પેકેજિંગ કરી સ્થાનિક બજારમાં વેચાણ કરવામાં આવે છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં પણ નિકાસ (Marketing & Exprot) કરવામાં આવે છે.

NCOL સીધી, ટેક્નોલોજી આધારિત સપ્લાય ચેઈન દ્વારા પરંપરાગત બહુસ્તરીય હોલસેલ નેટવર્કને બાયપાસ કરે છે. NCOL સમગ્ર સપ્લાય ચેઈનને એક જ છત હેઠળ આવરી લે છેઃ

'ભારત ઓર્ગેનિક્સ' બ્રાન્ડ અને ગુણવત્તા નિરીક્ષણ

NCOL દ્વારા જૈવિક ઉત્પાદનોનું વેચાણ 'ભારત ઓર્ગેનિક્સ' બ્રાન્ડ નામ હેઠળ કરવામાં આવે છે. આ બ્રાન્ડ હેઠળ વિવિધ દાળ, તુવેર, ચોખા, લોટ, ખાંડ, ગોળ, મસાલા, સૂકો મેવો અને તેલ જેવા નિત્ય વપરાશના ૨૮ અલગ અલગ ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

જૈવિક ઉત્પાદનો ગ્રાહકો સુધી પહોંચાડવા માટે બે અલગ રિટેલ માર્ગો અપનાવવામાં આવ્યા છેઃ

૧. ક્વિક-કોમર્સ વિતરણઃ

Zepto Quick-Commerce સાથેની ભાગીદારી દ્વારા દિલ્હી અને બેંગલુરુ જેવા મુખ્ય શહેરી કેન્દ્રોમાં પ્રમાણિત ઓર્ગેનિક આવશ્યક ચીજવસ્તુઓ સીધી ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે. વિવિધ ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા પણ ગ્રાહકો સુધી ભારત ઓર્ગેનિક્સ ઉત્પાદનો પહોંચાડવામાં આવે છે.

૨. પરંપરાગત રિટેલ વિતરણઃ

ભૌતિક વિતરણ માટે મધર ડેરીના સફલ કિયોસ્ક, અમૂલ સ્ટોર્સ, નાફેડ અને NCCF ના રિટેલ આઉટલેટ્સ સહિતના વર્તમાન નેટવર્કનો ઉપયોગ થાય છે.

લેબોરેટરીઝ અને સર્ટિફિકેશન નેટવર્ક

ઓર્ગેનિક ઉત્પાદનોમાં ગ્રાહકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે ટેસ્ટિંગ અને સર્ટિફિકેશન ખૂબ મહત્વનું છેઃ

- NCOL, FSSAI અને અન્ય સરકારી સંસ્થાઓ સાથે મળીને દેશભરમાં નવી લેબોરેટરીઓ અને મોબાઈલ લેબોરેટરી વેન સ્થાપિત કરી રહ્યું છે.
- ફુડ સેફ્ટી અને ગુણવત્તાના ધોરણો જાળવવા દેશભરમાં વિશેષ લેબોરેટરીનું નેટવર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે.
- દરેક જિલ્લા અને તાલુકા કક્ષાએ ઓર્ગેનિક પાકની ચકાસણી થઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવાનો લક્ષ્યાંક છે.
- ચકાસણીની વિશ્વસનીયતા વધારવા માટે, કેન્દ્ર સરકારે નેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન ઓર્ગેનાઈઝેશન (NPPO) દ્વારા મંજૂર ૩૪ પ્રયોગશાળાઓના મૂળભૂત નેટવર્કથી આગળ વધીને વિશેષ પરીક્ષણ સુવિધાઓનું વિસ્તરણ કર્યું છે. ભારત ઓર્ગેનિક્સ લેબલ હેઠળ વેચાતા દરેક ઉત્પાદનના બેચ પર ડિજિટલ અવશેષ પ્રમાણપત્ર (રેસિડ્યું સર્ટિફિકેટ)

સાથે જોડાયેલ ક્યુ.આર.કોડ હોય છે. આ પ્રમાણિત કરે છે કે ઉત્પાદન રાસાયણિક અવશેષોથી મુક્ત છે.

૯. ખેડૂતો અને સહકારી સંસ્થાઓ માટે લાભ

- **સરળ પ્રમાણીકરણઃ** વ્યક્તિગત રીતે સર્ટિફિકેટ લેવું મોંઘું અને અઘરું હોય છે, જે NCOL સહકારી મંડળીઓ મારફતે સરળ બનાવે છે.
- **PACS અને FPOનું સશક્તીકરણઃ** પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) અને ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન્સ (FPOs) NCOLના સભ્ય બનીને પોતાના સ્થાનિક ખેડૂતોને રાષ્ટ્રીય બજાર સાથે જોડી શકે છે.

૧. ખેડૂતો માટે આર્થિક સમૃદ્ધિ

- વચેટિયાઓ/મધ્યસ્થીઓની નાબૂદી થવાથી ખેડૂતોને તેમના ઓર્ગેનિક ઉત્પાદનોના સીધા અને પોષણક્ષમ ભાવ મળે છે. ખેડૂતોની આવકમાં વધારો થાય છે.
- ઓર્ગેનિક ખેતીથી રાસાયણિક ખાતરોનો ખર્ચ ઘટે છે, જેથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય છે.

૨. પર્યાવરણ અને જમીનનું જતન

- રાસાયણિક ખાતરોના વપરાશને અટકાવીને જમીનની ફળદ્રુપતા અને ભૂગર્ભ જળની શુદ્ધતા જાળવવામાં મદદરૂપ બને છે.
- ગાયના છાણ અને બાયો-ગેસ સ્લરીનો વ્યાવસાયિક ઉપયોગ કરીને જૈવિક ખાતરો તૈયાર કરવામાં આવે છે.

૩. ગ્રાહકોના સ્વાસ્થ્યમાં સુધારો અને વિશ્વાસપાત્રતાઃ

- ગ્રાહકોને ઝેરમુક્ત, શુદ્ધ અને પૌષ્ટિક ખોરાક મળી રહે છે.
- સર્ટિફાઇડ ઓર્ગેનિક પ્રોડક્ટ્સ હોવાને કારણે ભેળસેળ મુક્ત હોવાની ખાતરી મળે છે.
- ગ્રાહકોને ૧૦૦% શુદ્ધ અને પ્રમાણિત ઓર્ગેનિક ખોરાકની ખાતરી મળે છે

૧૦. નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડના ફાયદાઓ

- **સીધો બજાર પ્રવેશ અને વધુ વળતરઃ** નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડનો મુખ્ય હેતુ જૈવિક (ઓર્ગેનિક) ઉત્પાદન ખેડૂતો અને ઉત્પાદક સંસ્થાઓને સીધો બજાર પ્રવેશ આપીને તેમના ઉત્પાદન પર સારું વળતર અપાવવાનો છે.
- **આર્થિક હિતોનું રક્ષણઃ** તેના સભ્યોની સામાજિક અને આર્થિક પ્રગતિ હાંસલ કરવાના હેતુથી વ્યવસાયિક, લોકશાહી અને સ્વતંત્ર રીતે પોતાની પ્રવૃત્તિઓનું સંચાલન કરીને, તે તેના તમામ સભ્યોના આર્થિક હિતોનું રક્ષણ કરે છે.

- **સહકારથી સમૃદ્ધિ:** "સહકારથી સમૃદ્ધિ"ના મંત્રને સાકાર કરવા માટે, તે આપ-લે અને પરસ્પર મદદના સહકારી આદર્શો અનુસાર કાર્ય કરે છે.
- **એકછત્ર સંસ્થા (Umbrella Organisation) તરીકેની ભૂમિકા:** સહકારી અને સંલગ્ન સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ઓર્ગેનિક ચીજવસ્તુઓમાં મૂલ્યવર્ધન કરવા માટે, તે એક મુખ્ય સંસ્થા તરીકે ઓર્ગેનિક ઉત્પાદનોનું એકત્રીકરણ, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ કરવાનું કાર્ય કરે છે.
- **સરકારી યોજનાઓનો લાભ:** સભ્યોને વિવિધ સરકારી સહાય અને યોજનાઓનો લાભ મળશે, કારણ કે નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ તમામ જરૂરી સરકારી વિભાગો સાથે સમન્વય સાધે છે.
- **નાણાકીય અને તકનીકી સહાય:** ઓર્ગેનિક ઉત્પાદનોનું ઉત્પાદન કરતી સહકારી મંડળીઓ અને સંલગ્ન કંપનીઓને ધિરાણ, ક્ષમતા નિર્માણ, તકનીકી માર્ગદર્શન, તથા માર્કેટ ઈન્ટેલિજન્સ સિસ્ટમ્સના નિર્માણ અને જાળવણી જેવા ક્ષેત્રોમાં સહાય પૂરી પાડે છે.
- **વૈશ્વિક ઓળખ અને મજબૂત બ્રાન્ડ:** સભ્યોને એક મજબૂત બ્રાન્ડ હેઠળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવેશ મળે છે. જેથી તેમને તેમના ઓર્ગેનિક ઉત્પાદનોનું વધુ સારું વળતર મળે છે.

૧૧. ભારત સરકારી નીતિ, ભવિષ્યની યોજનાઓ અને દૃષ્ટિકોણ

- **લેબોરેટરી નેટવર્ક:** દેશના દરેક જિલ્લા અને તાલુકા સ્તરે NPPO માન્યતા પ્રાપ્ત લેબોરેટરી અને મોબાઈલ ટેસ્ટિંગ વેન સ્થાપિત કરવાનો લક્ષ્યાંક છે.
- **ડેટાબેઝનું નિર્માણ:** દેશભરના તમામ ઓર્ગેનિક ખેડૂતોનો એક સર્વગ્રાહી ડેટાબેઝ તૈયાર તૈયાર કરવામાં આવી રહ્યો છે.
- **ઉત્તર-પૂર્વ ભારત પર ધ્યાન:** ઈશાન ભારતના રાજ્યોમાં ઓર્ગેનિક ખેતીની મોટી ક્ષમતા હોવાથી ત્યાંની સહકારી મંડળીઓને વિશેષ રીતે જોડવામાં આવી રહી છે.
- **વ્યાપક સભ્યપદ:** દેશની હજારો PACS, FPOs અને ઓર્ગેનિક ખેડૂતોને NCOL સાથે જોડવાનો લક્ષ્યાંક છે.
- **નિકાસ ક્ષમતા:** ભારતને વિશ્વના જૈવિક ઉત્પાદનોના મુખ્ય નિકાસકાર દેશ તરીકે સ્થાપિત કરવાની યોજના છે.
- **ભવિષ્યનો દૃષ્ટિકોણ:** NCOLની સ્થાપનાથી ભારત વૈશ્વિક ઓર્ગેનિક

બજારમાં એક મોટું કેન્દ્ર બનીને ઊભરી શકે છે. આગામી વર્ષોમાં "ભારત ઓર્ગેનિક્સ" બ્રાન્ડ ભારત ઉપરાંત વિદેશી બજારોમાં પણ ભારતીય કૃષિ ઉત્પાદનોની ઓળખ બનશે.

૧૨. વર્ષ ૨૦૨૫-૨૬ માટેની મુખ્ય વિશેષતાઓ અને લક્ષ્યાંકો

- **ટર્નઓવર લક્ષ્યઃ** રૂા.૧૦.૨૬ કરોડના પ્રારંભિક ટર્નઓવર સાથે શરૂ થયેલી નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL)એ રૂા.૩૦૦ કરોડથી વધુના ટર્નઓવરનું વિસ્તરણ લક્ષ્ય કેન્દ્રીય સહકાર મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.
- **સભ્ય સંખ્યા :** વિવિધ શ્રેણીઓની હાલની ૭,૦૦૦ સભ્ય સહકારી સંસ્થાઓમાં વધારો કરી વધુ સભ્ય સહકારી સંસ્થાઓ સુધી વિસ્તરણ કરવામાં આવનાર છે.
- **ઉત્પાદન શ્રેણીઃ** ૨૮ અલગ-અલગ ઓર્ગેનિક ઉત્પાદનો ક્યુઆર-કોડ આધારિત અવશેષ ટ્રેકિંગ દ્વારા ઓર્ગેનિક પરીક્ષણ કરી વેચાણ કરવામાં આવે છે.
- **નવી પહેલ/શરૂઆતઃ** જાન્યુઆરી ૨૦૨૬માં સભ્ય સહકારી સંસ્થાઓને ઓર્ગેનિક પરિવર્તન માટે પ્રોત્સાહિત કરવા 'જૈવિક સહકાર અભિયાન' શરૂ કર્યું છે, સાથે જ ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર (D2C) વેબસાઈટ પણ શરૂ કરવામાં આવેલ છે.

૧૩. વ્યૂહાત્મક - કાર્યાત્મક પડકારો

મજબૂત સંસ્થાકીય આધાર હોવા છતાં, NCOL ને કેટલાક વિશિષ્ટ માળખાકીય પડકારોનો સામનો કરવો પડે છેઃ જેમ કેઃ

- **પ્રમાણીકરણનો સમયઃ** જૈવિક ખેતી માટે જમીનને રાસાયણિક મુક્ત થતાં ૨ થી ૩ વર્ષનો સમય લાગે છે. જેના કારણે ટૂંકા ગાળામાં હાલમાં પુરવઠાની ઘટ રહેશે.
- **જાગરૂકતાનો અભાવ :** નાના અને સીમાંત ખેડૂતોમાં જાગૃકતાના અભાવે ઓર્ગેનિક પદ્ધતિઓ અને NCOLની યોજનાઓ પહોંચાડવી પડકારજનક છે.
- **ભાવ સંતુલનઃ** NCOL ગ્રાહકો માટે ખરીદ કિંમતો ખાનગી બ્રાન્ડ્સ કરતાં ૧૦થી ૨૦ % ઓછી રાખે છે. ગ્રાહકો માટે વાજબી ભાવ અને ખેડૂતો માટે પોષણક્ષમ ભાવ વચ્ચે સંતુલન જાળવવા ઉત્તમ કાર્યક્ષમતા જરૂરી છે.

૧૪. ઉપસંહારઃ નિષ્કર્ષ

નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL), ભારતીય કૃષિ ક્ષેત્રે એક ક્રાંતિકારી પગલું છે. આ સંસ્થા ખેડૂતોને ઓર્ગેનિક ખેતી માટે પ્રોત્સાહન આપીને તેમના આર્થિક સક્ષમતાની સાથે દેશના નાગરિકોને સ્વાસ્થ્યપ્રદ આહાર પૂરો

પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આવનારા સમયમાં NCOL અને 'ભારત ઓર્ગેનિક્સ' ગ્લોબલ ઓર્ગેનિક માર્કેટમાં ભારતની ઓળખ વધુ મજબૂત બનાવશે. નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL) એ માત્ર એક વ્યાપારી સંસ્થા નથી, પરંતુ ભારતમાં હરિયાળી અને આરોગ્યપ્રદ ક્રાંતિ લાવવાનું એક સશક્ત માધ્યમ છે. તે જમીનનું સ્વાસ્થ્ય, માનવ આરોગ્ય અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ - આ ત્રણેય પાસાઓને એકસાથે સાંકળે છે. સહકારી ક્ષેત્રના માધ્યમથી ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપીને NCOL ભારતને એક સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. NCOL દેશના ખેડૂતોના આર્થિક ઉત્થાન અને કેન્દ્ર સરકારના 'સહકારથી સમૃદ્ધિ'ના સ્વપ્નને સાકાર કરવાનું એક રાષ્ટ્રીય અભિયાન છે.

સંદર્ભ સૂચિ

૧. ભારત સરકાર, સહકાર મંત્રાલય. MSCS અધિનિયમ ૨૦૦૨ હેઠળ નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડની સ્થાપના અને અધિકારક્ષેત્ર. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો પોર્ટલ.

૨. કેન્દ્રીય સહકાર મંત્રાલયની સમીક્ષા બેઠકના દસ્તાવેજો. ટર્નઓવર લક્ષ્યાંકો અને PACS સોફ્ટવેર કમ્પ્યુટરીકરણના માઇલસ્ટોન. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો આર્કાઇવ.

૩. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ. NCOL માટે પ્રમોટર મૂડી ફાળવણી અને સંસ્થાકીય ઇક્વિટી વિતરણ માળખું. NDDB પ્રકાશન પોર્ટલ.

૪. NCOL સત્તાવાર વેબ પોર્ટલ. ઉત્પાદન વર્ગીકરણ માર્ગદર્શિકા અને ડિજિટલ ટ્રેસેબિલિટી માળખાં. NCOL કોર્પોરેટ પોર્ટલ.

નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL) એ માત્ર એક વ્યાપારી સંસ્થા નથી, પરંતુ ભારતમાં હરિયાળી અને આરોગ્યપ્રદ ક્રાંતિ લાવવાનું એક સશક્ત માધ્યમ છે. તે જમીનનું સ્વાસ્થ્ય, માનવ આરોગ્ય અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ - આ ત્રણેય પાસાઓને એકસાથે સાંકળે છે. સહકારી ક્ષેત્રના માધ્યમથી ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપીને NCOL ભારતને એક સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

વ્યક્તિ વિશેષ

આદિવાસીઓના મસીહા એટલે વસુધારા ડેરીના મેનેજિંગ ડિરેક્ટર સ્વ.શ્રી નરેન્દ્ર વશી સાહેબ

વસુધારા ડેરીના મેનેજિંગ ડિરેક્ટર સ્વ.શ્રી નરેન્દ્રભાઈ વશીનો જન્મ ૮ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ સુરત જિલ્લાના વેગામ ખાતે થયો હતો, તેમણે પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અનુક્રમે વેગામ, બીલીમોરા, ગડત તથા અમદાવાદ મુકામે લીધું હતું. બીલીમોરાની વી.એસ.પટેલ સાયન્સ કોલેજમાંથી પ્રિ.સાયન્સ કરીને, હરિયાણા ખાતે આવેલી એન.ડી.આર.આઈ. કર્નાલ કોલેજમાં બી.એસ.સી. ડેરી ટેકનોલોજી વિષય સાથે સ્નાતક થયા હતા.

ત્યાર પછી ૧૯૭૧માં ગુજરાત સરકારના પશુપાલન નિયામકની કચેરીમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે જીવનની પહેલી નોકરીની શરૂઆત કરી, થોડાક જ સમયમાં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ NDDB આણંદ ખાતે આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ તરીકે જોડાયા. રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડમાં રહીને તેઓએ રોહતક, બિકાનેર, અલવર અને જલગાંવ સહકારી ડેરી પ્રોજેક્ટનો પાયો નાખવાનું કામ કરી, પોતાની પ્રતિબદ્ધતા, નિષ્ઠા અને પ્રમાણિકતા જેવા ગુણોનો પરિચય કરાવ્યો. તેઓ સતત શ્વેતક્રાંતિના જનક ડો. વર્ગીસ કુરિયનને રોલ મોડલ માનીને પોતાનું કામ કરતા ગયા. ગુજરાતમાં ૧૯૪૬માં અમૂલ ડેરીની સ્થાપના થઈ, ત્યાર પછી ૧૯૭૩માં વલસાડ જિલ્લામાં વસુધારા ડેરીની શરૂઆત થઈ. વસુધારા ડેરીના તત્કાલીન ચેરમેન શ્રી મોઘાભાઈ દેસાઈ એટલે કે ૧૯૭૫માં વશી સાહેબ સાથે જલગાંવ પ્રોજેક્ટ ઉપર મળ્યા અને વસુધારા ડેરીના કર્ણધાર તરીકે જવાબદારી સંભાળવાની વાત કરી અને ત્યાર પછી વશી સાહેબે ૧૯૭૬માં રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમમાંથી રાજીનામું આપી, વસુધારા ડેરીના મેનેજર તરીકેની બાગડોળ સંભાળી. શરૂઆતના તબક્કામાં ઓછાં નાણાકીય સાધનો પ્રતિકૂળ ભૌગોલિક સંજોગો સ્થાનિક દૂધાળા પશુઓની નીચી ઉત્પાદન વગેરે બાબતોની નજર સમક્ષ રાખીને, આદિવાસી વિભાગમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે પશુપાલનનો વ્યવસાય લોકો સ્વીકારે એ માટે દિવસ રાત એક કરીને ગામેગામ બેઠકો કરીને ડેરીને આગળ લઈ જવા માટેના પ્રયત્નો કર્યા. આ સમય ગાળામાં વસુધારા

પ્રા. હસમુખ દેસાઈ
પ્લોટ નં. ૧૪૫૧/૧, સેક્ટર-બી,
ગાંધીનગર-૩૮૨૦૦૭
મો. ૯૪૨૮૪૨૦૯૩

ડેરીના ચેરમેન શ્રી મોઘાભાઈ દેસાઈનો સાથ સહકાર વિશેષ મળી રહ્યો.

ગુજરાત ડેરી વિકાસ નિગમને વસુધારા ડેરીનો પોતાનો જ એક નાનો મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ હોય તો ઘણી અનુકૂળતા થાય એ બાબત સમજાવવામાં વશી સફળ થયા અને ૧૯૭૮માં ચીખલી પાસે રાષ્ટ્રીય ધોરીમાર્ગ રોડ ઉપર જમીન પ્રાપ્ત કરીને ૧૯૮૧માં દૈનિક ૩૦,૦૦૦ લિટર દૂધની ક્ષમતા વાળો ડેરી પ્લાન્ટ શરૂ કરાવ્યો. આ એક ડેરી માટે સૌથી મોટી હરણફાળ હતી, જેનો જશ વસી સાહેબને જાય છે.

ડેરી પ્લાન્ટને શરૂ કરીને જીવનભર કામ કરીને, ચકાસણી કરીને કર્મચારીઓની ભરતી કરી. ૧૯૮૨માં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ દ્વારા વલસાડ ડેરીને ઓપરેશનફ્લડ - ૨ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો. આ અન્વયે મળેલી નાણાકીય સવલતોને લઈને પ્રાથમિક દૂધ મંડળીઓ માટે જરૂરી સાધનો, કૃત્રિમ બીજદાન યોજનાનો સ્વીકાર કરી તેનો અમલ શરૂ કરાવ્યો. આ કરવાનું કારણ દૂધાળા પશુઓની ઓલાદ સુધારવા માટે જરૂરી હતું. સ્થાનિક દેશી ગાયોને કૃત્રિમ બીજદાનથી ફેરવી ખેડૂતોને ઘર બેઠા વધુ દૂધ આપતી સંકર ગાયો પેદા કરવી એ સાહેબનો જીવન મંત્ર બની ગયો. ૧૯૮૫ પછી વસુધારા ડેરીમાં દૂધની આવકનો પુરવઠો ક્રમશઃ વધતો ગયો અને દૈનિક ૯૫૦૦૦ દૂધનું પ્રોસેસિંગ કરવાની ક્ષમતા સિદ્ધ કરી, ૧૯૯૦માં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડે ઓપરેશન ફ્લડ -૩ યોજનામાં આ અંગે પ્લાન્ટનું વિસ્તતીકરણ કરવા માટે એક લાખ લિટરની ક્ષમતાનો ડેરી પ્લાન્ટની દરખાસ્ત સ્વીકાર કરાવી પ્લાન્ટ ૧૯૯૪માં શરુ કર્યો. ભારત સરકારની ૧૯૯૧ની ઉદાર ઔદ્યોગિક નીતિ અને ડેરી ઉદ્યોગના થયેલા ડિલાઈસન્સીગના કારણે સહકારી ડેરી ઉદ્યોગે હરીફાઈના યુગમાં પ્રવેશ કર્યો, આ સ્થિતિનો લાભ લઈને મુંબઈના ખાનગી વેપારીઓએ વલસાડ જિલ્લામાં દૂધની ઉપલબ્ધતા જોઈ અને પછી વશી સાહેબને કોરો ચેક બતાવી, ઈચ્છા મુજબની રકમ ભરવા કહ્યું, દૈનિક ૨૫,૦૦૦ લિટર દૂધ એકત્ર કરી આપવાનું જણાવવામાં આવ્યું. આ બધા એ સમયના સૌથી મોટા આર્થિક પ્રલોભનોમાં આવ્યા વિના, વશી સાહેબે વલસાડ અને ડાંગ જિલ્લાની ગરીબ આદિવાસી પ્રજાના સાચા હમદર્દી બનીને, તે ઓફરને ઠુકરાવી અને વસુધારા ડેરીમાં જ પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું, જેવી રીતે ડો. વર્ગીસ કુરિયને આણંદને પોતાનું માદરે વતન બનાવીને સમગ્ર દેશમાં શ્વેતક્રાંતિની ઝળહળતી જ્યોત જગાવી, તેવું એક નાનકડું કામ વલસાડ અને ડાંગ જિલ્લા માટે વશી સાહેબે કર્યું, કે જેની મોટાભાગની વસ્તી આદિવાસી ગરીબ કુટુંબોની બનેલી છે. તેમની રોજીરોટી માટે ધીમે ધીમે વલસાડની વસુધારા ડેરીએ વર્ષ ૨૦૦૦માં ડાંગમાં શીત કેન્દ્ર શરૂ કર્યું,

૨૦૦૫માં મહારાષ્ટ્રના બોઈસર ખાતે દૈનિક ૨ લાખ લિટરની ક્ષમતાનો ડેરી પ્લાન્ટ શરૂ કરાવ્યો, કપરાડા તાલુકાના મોટાપાંઢા સ્થળે શીત કેન્દ્ર શરૂ કરાવ્યું. ગુજરાતની તે સમયની સહકારી ડેરીઓમાં ડેરીના કાર્ય ક્ષેત્ર તેમજ રાજ્ય બહાર ડેરીનો પોતાનો પ્રોસેસિંગ પ્લાન્ટ હોવાનું પ્રથમ બહુમાન વસુધારા ડેરીને વશી સાહેબે અપાવ્યું, જે એક બહુ મોટી સિદ્ધિ કહી શકાય.

૧૯૯૭માં જાપાનનો પ્રવાસ કરીને ડેરીમાં ટોટલ કોલેટી મેનેજમેન્ટ (TQM)ની પદ્ધતિ લાગુ કરી, માનવ સંસાધન વિકાસને પણ પ્રથમ અગ્રિમતા આપી. કર્મચારીઓને શિક્ષણ, તાલીમ, ભાગીદારી અને સંચાલન, આ દરેક બાબતોને ધ્યાનમાં રાખીને એક સુમેળભર્યું વાતાવરણ ડેરીમાં ઊભું કર્યું.

ગુજરાતમાં સૌપ્રથમ મહિલાઓ સંચાલિત દૂધ મંડળીઓ રચવાનો પ્રયોગ વશી સાહેબના હાથે આ ડેરી મારફત થયો. આજે ૨૦૨૫ સુધીમાં ડેરીની કુલ ૧૧૦૫ મંડળીઓમાંથી ૭૦૫ મંડળીઓ મહિલા સંચાલિત છે, જે એક ગુજરાતમાં ગણના પાત્ર ઘટના કહી શકાય છે. વશી સાહેબનું કામ દૂધ ક્ષેત્રે એવું ઉત્તમ રહ્યું કે, તેમને ૨૦૨૦માં ડૉ. કુરિયર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા, આ ઉપરાંત ઈન્ડિયન ઈકોનોમિક ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ એસોસિએશન, ન્યૂ દિલ્હી તરફથી ભારતીય ઉદ્યોગ રત્નના રાષ્ટ્રીય એવોર્ડ ૧૯૯૭માં આપી સન્માનિત કરાયા. આ વ્યક્તિગત સન્માન ઉપરાંત વસુધારા ડેરીને ૭૪ વર્ષના સમયગાળામાં અનેક કાર્યક્ષમતાના, ઉત્પાદનક્ષમતાના તથા ઊર્જા બચત ક્ષેત્રના અને પર્યાવરણ ક્ષેત્રે એવોર્ડ મળ્યા છે, જેનો જશ કે યશ શ્રી સ્વ. નરેન્દ્રભાઈ વશી સાહેબને આપી શકાય.

વશી સાહેબ સતત ૫૮ વર્ષ ઉંમર સુધી વસુધારા ડેરીમાં મેનેજર અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યરત રહ્યા. નિવૃત્તિ પછી પણ ડેરીની સમગ્ર ગ્રામીણ સહકારી ડેરીના સભાસદો દ્વારા સાધારણ સભામાં એવી માગણી લાગણી કરવામાં આવી કે, વશી સાહેબ જીવે ત્યાં સુધી વસુધારા ડેરીમાં જ કામ કરે, અને આ બાબતને માન આપીને વશી સાહેબ ૨૦૨૬ સુધી એટલેકે જીવનના છેલ્લા શ્વાસ સુધી વસુધારા ડેરીમાં રહ્યા અને કામ કર્યું. ડેરીના સભાસદો દ્વારા અપાયેલ આ એક રીતે કહીએ તો ભારતરત્ન એવોર્ડ થયો ગણાય.

કુટુંબ અને સામાજિક બંધનોને એક બાજુ મૂકીને, વસુધારા ડેરીને પોતાનું વતન અને ઘર બનાવી સહકારની ભાવનાને જીવન મંત્ર બનાવ્યો. જિલ્લાના નાના, મધ્યમ અને મોટા ખેડૂતો અને દૂધ ઉત્પાદકોની વાત હૈયામાં રાખીને દૂધની ગંગા વહેવડાવવા માટે અથાગ પ્રયત્ન કર્યો છે, અને એના પરિપાકરૂપે આજે ગુજરાતમાં વસુધારા ડેરીનું નામ સુવર્ણ અક્ષરે લખાઈ રહ્યું છે. વશી સાહેબની કામગીરી અને ત્યાગમાં તેમના ધર્મ પત્ની શ્રીમતી રેખાબેનનો સાથ સહકાર

અને હૂંફ ખાસ મળી રહી છે. ગીતાના પેલા વાક્યમાં "કર્મેજ અધિકારી તું, ફળનો નહીં" એ શ્રદ્ધા મુજબ મનમાં દૃઢ વિશ્વાસ રાખીને નિષ્ઠાપૂર્વક પ્રામાણિકતાથી વશી સાહેબે વસુધારા ડેરીને ખૂબ ઊંચે લઈ જવા માટે દિવસ રાત એક કરીને પ્રયત્નો કર્યા છે. જે બાબત ડેરીના સમગ્ર સભાસદો ભૂલી શકે એમ નથી. આજે ડેરીના કુલ ૧,૨૫,૦૦૦ થી વધુ સભાસદ ભાઈ બહેનો વશી સાહેબના કામને અને નામને વાગોળે છે, અને એમણે કંડારેલી કેડી પર પોતાની નાવ ડુંગરાળ વિસ્તારમાં સરસ રીતે ચલાવી રહ્યા છે, જેનો જશ વશી સાહેબને જ મળી શકે, એમ કહેવામાં કશું ખોટું નથી.

વસુધારા ડેરીની સ્થાપના સમયે માત્ર ૪૬ ગ્રામ્ય દૂધ સહકારી મંડળીઓ દ્વારા તેની શરૂઆત થઈ હતી. આજે ૫૨ વર્ષના લાંબા સમયગાળા બાદ વસુધારા ડેરીએ સહકારી ક્ષેત્રમાં નોંધપાત્ર વિકાસ કર્યો છે. હાલમાં ડેરી સાથે ૧,૧૦૫ ગ્રામ્ય દૂધ સહકારી મંડળીઓ જોડાયેલી છે અને તેના કુલ સભાસદોની સંખ્યા ૧,૨૫,૩૯૯ સુધી પહોંચી છે. આ આંકડાઓમાં સૌથી મહત્વની બાબત એ છે કે કુલ સભાસદોમાંથી ૮૧,૫૭૮ સભાસદો આદિવાસી ભાઈ-બહેનો છે, જે કુલ સભાસદોના આશરે ૬૫ ટકા થાય છે. આ આંકડો વસુધારા ડેરીની આદિવાસી સમાજની વિકાસયાત્રામાં ડેરીની ભૂમિકાને સ્પષ્ટપણે દર્શાવે છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં જ્યાં એક સમયે રોજગારી અને નિયમિત આવકનાં સાધનો મર્યાદિત હતાં, ત્યાં પશુપાલન અને દૂધ ઉત્પાદન અનેક પરિવારો માટે આવકનું વિશ્વસનીય સાધન બન્યું છે. ગામની દૂધ મંડળી દ્વારા દૂધનું નિયમિત વેચાણ, દૂધના બદલામાં મળતી આવક અને પશુપાલનને મળતા પ્રોત્સાહનથી હજારો આદિવાસી પરિવારોના જીવનમાં આર્થિક સ્થિરતા આવી છે.

આથી એવું કહેવામાં આવે કે વસુધારા ડેરી આદિવાસી સમાજ માટે આજીવિકાનું એક મોટું અને મજબૂત સાધન બની છે, તો તેમાં જરાય અતિશયોક્તિ નથી.

આવા શ્રી નરેન્દ્રભાઈ વશી સાહેબનું નિધન પણ ઈશ્વરે સારા દિવસે નિર્ધારિત કર્યું, ૨૯ જુલાઈ, ૨૦૨૬ને બુધવારની સાથે ગુરુપૂર્ણિમાના સુંદર દિવસે સૌની વચ્ચેથી વિદાય થયા. માણસ વિદાય થાય છે, પણ તેનું કામ અને નામ સદાય અમર રહે છે. એવા એક પાયાના કર્મનિષ્ઠ, મૂલ્યનિષ્ઠ, સત્યનિષ્ઠ, સેવાનિષ્ઠ, કરુણાનિષ્ઠ,અને સાદગીનિષ્ઠ વશી સાહેબને આપણે જેટલા યાદકરીએ તેટલા ઓછા પડે. આ દુઃખદ પ્રસંગે આપણે સૌ સાથે મળીને એમને સાચી શ્રદ્ધાંજલિ આપીએ કે, તેમને રોપેલાં બીજ વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં હજુ વધારે ફૂલે ફાલે અને સમાજની છેવાડાની પ્રજાને તેના લાભ મળે તેવો સહિયારો પુરુષાર્થ કરીએ.

જળ સંરક્ષણ

ભારતીય જ્ઞાન સંપદામાં આજના જળસંકટનો ઉકેલ

ભારતીય સંસ્કૃતિમાં ચોમાસું માત્ર એક ઋતુ નથી; તે જીવન, સમૃદ્ધિ, આશા અને પૂર્નવનનો ઉત્સવ છે

જળવિજ્ઞાનના જ્ઞાત ઋષિ વરાહમિહિરના દોઢ હજાર વર્ષ પહેલાં લખાયેલા, 'બૃહત્સંહિતા' ગ્રંથના ૫૪મા અધ્યાયના, ભૂગર્ભ જળની શોધ અંગેના ૧૨૫ શ્લોકોના અર્થ જાણીને આંધ્રપ્રદેશની શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટીએ ત્રણસો જેટલા બોરવેલ ખોદાવ્યા. જેમાં પંચાણું ટકા સ્થળોએ પાણી મળ્યું!

ભારતીય સંસ્કૃતિમાં ચોમાસું માત્ર એક ઋતુ નથી; તે જીવન, સમૃદ્ધિ, આશા અને પુનઃજીવનનો ઉત્સવ છે. પરંતુ આ આનંદ અને આતુરતાની વચ્ચે એક પ્રશ્ન પણ આપણને વિચારવા મજબૂર કરે છે કે જે વરસાદનું પાણી આપણને જીવન આપે છે, શું આપણે તેની દરેક બુંદને સાચવવા માટે પૂરતી તૈયારી કરી છે?

આ પ્રશ્ન એટલા માટે મહત્વનો છે કે આજે દેશના અનેક વિસ્તારોમાં પાણી માટે ત્રાહિમામ પોકાર મચી રહી છે હકીકતમાં પાણીની અછત વધુ ગંભીર છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના અહેવાલો અનુસાર આગામી દાયકાઓમાં પાણીનો પ્રશ્ન માનવજાત માટે સૌથી મોટો પડકાર બનવાનો છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં તો આ સમસ્યા વધુ ગંભીર બનવાની છે ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું ભારત હંમેશાં જળસંકટથી પીડાતું રહ્યું છે? તેનો જવાબ ઈતિહાસ સ્પષ્ટ શબ્દોમાં 'ના'માં આપે છે. એક સમય એવો હતો જ્યારે આપણો દેશ 'સુજલામ્ સુફલામ' તરીકે વિશ્વમાં ઓળખાતો હતો તેનું મુખ્ય કારણ હતું, આપણું અદ્વિતીય, વૈજ્ઞાનિક અને લોકકેન્દ્રિત જળ વ્યવસ્થાપન.

નદીઓ, સરોવરો, તળાવો, વાવો, બંધો અને જળાશયોની સમૃદ્ધ પરંપરાએ ભારતને વિશ્વના સૌથી વિકસિત જળ વ્યવસ્થાપન ધરાવતા દેશોમાં સ્થાન અપાવ્યું હતું. દુર્ભાગ્ય એ છે કે આપણા પોતાના વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક વારસાથી આપણે જ અજાણ બની ગયા છીએ. આપણું શિક્ષણ અને વિચારધારા એવી રીતે ઘડાયાં છે કે આપણે દરેક આધુનિક શોધ અને ટેક્નોલોજીનો સ્રોત પશ્ચિમને માનીએ છીએ,

પ્રો. ડો. અજીતસિંહ રાણા
ઈ-મેલ : prof.rana@yahoo.com

જ્યારે હકીક્તમાં પાણીના સંચાલન ક્ષેત્રે ભારતે હજારો વર્ષ પહેલાં અદભૂત સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી.

દક્ષિણ ભારતમાં ચોલ રાજા કરીકલ દ્વારા ઈ.સ.ની બીજી સદીમાં બાંધવામાં આવેલો ''કલાનાઈ બંધ' અથવા 'ગ્રાન્ડ અનિકટ' તેનો જીવંત સાક્ષી છે. કાવેરી નદી પર બાંધવામાં આવેલો આ બંધ આજે પણ અકબંધ અને કાર્યરત છે અને લગભગ અઢારસો વર્ષથી ખેડૂતોને પાણી - પૂરું પાડી રહ્યો છે. વિશ્વના અનેક પ્રાચીન બંધો આજે માત્ર ઈતિહાસના પાનાંઓના ઉલ્લેખમાં જ માત્ર જોવા મળે છે, જ્યારે ભારતનો આ બંધ હજુ પણ લાખો લોકોના જીવનનો આધાર છે. વિશ્વના ઈતિહાસમાં ઈજિપ્ત અને ચીનમાં પણ પ્રાચીન બંધોનો ઉલ્લેખ મળે છે. નાઈલ નદી પર બાંધવામાં આવેલા બંધોના અવશેષો આજે જોવા મળે છે, પરંતુ તે બંધો થોડા જ સમયમાં તૂટી ગયા હતા. ચીનમાં પણ પ્રાચીન જળાશયોના ઉલ્લેખો છે, પરંતુ ભારતમાં જે રીતે જળ સંરચનાઓ હજારો વર્ષ સુધી ટકી રહી છે, તેવો દાખલો વિશ્વમાં દુર્લભ છે. આ હકીક્ત દર્શાવે છે કે ભારતીયો પાસે પાણીના સંચાલનનું માત્ર અનુભવજન્ય જ્ઞાન નહોતું, પરંતુ સંપૂર્ણ વિકસિત વૈજ્ઞાનિક પરંપરા હતી.

ગુજરાતનું ગૌરવ ગણાતી પાટણની 'રાણીની વાવ' એ પણ જળ વ્યવસ્થાપનનું વિશ્વપ્રસિદ્ધ ઉદાહરણ છે. સોલંકી રાજવંશની રાણી ઉદયમતીએ પોતાના પતિ ભીમદેવની સ્મૃતિમાં બંધાવેલી આ સાત માળની વાવ માત્ર સ્થાપત્યકલાનું અજોડ સર્જન નથી, પરંતુ તે પાણીના સંચય અને ભૂગર્ભ જળના વૈજ્ઞાનિક ઉપયોગની જીવંત પ્રયોગશાળા છે. વરસાદી પાણીનો સંચય, તેની શુદ્ધતા જાળવવી અને વર્ષભર પાણી ઉપલબ્ધ રહે તે માટેની રચના આજે પણ આશ્ચર્ય પમાડે છે. યુનેસ્કોએ તેને વિશ્વ ધરોહર તરીકે માન્યતા આપી છે.

વાસ્તવમાં પાણીનું આયોજન આપણા શાસ્ત્રોમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે. ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ, કૃષિ પારાશર, કશ્યપ કૃષિ સૂક્ત, નારદ શિલ્પશાસ્ત્ર અને ભૃગુ શિલ્પશાસ્ત્ર જેવા ગ્રંથોમાં પાણીના સંગ્રહ, વિતરણ, જળાશય નિર્માણ, વરસાદની આગાહી અને પાણીના ગુણધર્મો અંગે વિગતે માહિતી આપવામાં આવી છે. અથર્વવેદના ઉપવેદ તરીકે ઓળખાતા સ્થાપત્યશાસ્ત્રના ગ્રંથોમાં તળાવો અને જળાશયોના નિર્માણની સુવ્યવસ્થિત પદ્ધતિઓનો ઉલ્લેખ મળે છે. આ તમામ ગ્રંથો દર્શાવે છે કે પ્રાચીન ભારતનું જળવિજ્ઞાન અત્યંત વૈજ્ઞાનિક અને પ્રયોગસિદ્ધ હતું.

જળવિજ્ઞાનના ક્ષેત્રે મહાન વિદ્વાન વરાહમિહિરનું યોગદાન તો અસાધારણ છે.

તેમના 'બૃહત્સંહિતા' ગ્રંથના ૫૪મા અધ્યાયમાં ભૂગર્ભ જળની શોધ અંગે ૧૨૫ શ્લોકો આપવામાં આવ્યા છે. તેમણે જમીનનો રંગ, વનસ્પતિ, વૃક્ષોની રચના, જીવજંતુઓની ગતિવિધિ, જમીનનો ભેજ અને અન્ય કુદરતી સંકેતોના આધારે જમીનની અંદર પાણી ક્યાં હશે તેની ચોક્કસ માહિતી આપી છે. આશ્ચર્યજનક વાત એ છે કે આ સિદ્ધાંતોને આધુનિક સમયમાં વૈજ્ઞાનિક રીતે ચકાસવામાં આવ્યા અને તે મોટા પ્રમાણમાં સાચા સાબિત થયા. આ બધુ કરતી વખતે વરાહમિહિરે આજના વૈજ્ઞાનિકો જેમ પોતાનાં દરેક કામની નોંધ રાખે છે તેવી નોંધ કરી રાખી છે. આ બાબત અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેમણે વૃક્ષ અને વનસ્પતિનો અભ્યાસ કરીને પોતાની વાત સમજાવી છે. તે જ રીતે તેમણે જમીન પરની મટોડીનું વર્ગીકરણ પણ વિસ્તારથી કર્યું છે. આ બધાં જ નિરીક્ષણોનું તારણ પણ તેમણે કાઢ્યું છે. તેમાંના કેટલાંક સારરૂપ તારણો જોઈએ તો, ભરપૂર ડાળીઓ અને ચીકાશવાળી છાલ ધરાવતું નાનાં કદનું વૃક્ષ જ્યાં હોય ત્યાં પાણી હોય છે. ઉનાળામાં જમીનમાંથી વરાળ નીકળતી દેખાય તો તેના પુષ્ઠભાગે પાણી હોય છે. વૃક્ષની એક ડાળી જો જમીન તરફ ઝૂકેલી હોય તો તેની નીચેના ભાગમાં પાણી મળી આવે છે. જ્યારે જમીન ગરમ થયેલી હોય ત્યારે એકાદ જગ્યાએ તે ઠંડી લાગે તો ત્યાં નીચે પાણી હોય છે. કાંટાળા વૃક્ષના કાંટા જો બુઠ્ઠા થયા હોય તો ત્યાં ચોક્કસ પાણી મળે છે વગેરે.

આંધ્રપ્રદેશની શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટીએ વરાહમિહિરના સિદ્ધાંતોના આધારે લગભગ ત્રણસો બોરવેલ ખોદાવ્યા અને તેમાંના લગભગ પંચાણું ટકા સ્થળોએ પાણી મળ્યું. દોઢ હજાર વર્ષ પહેલાં લખાયેલા આ જ્ઞાનની વૈજ્ઞાનિકતા આજે પણ આશ્ચર્યચકિત કરી દે છે.

પ્રાચીન ભારતમાં જળ વ્યવસ્થાપનની જવાબદારી માત્ર રાજાઓ કે શાસકોની નહોતી, પરંતુ સમગ્ર સમાજની જીવનપદ્ધતિનો ભાગ હતું. રાજસ્થાનની વાવડીઓ, ગુજરાતની વાવો, દક્ષિણ ભારતના તળાવો અને મધ્ય ભારતના જળાશયો સ્થાનિક પર્યાવરણને અનુરૂપ બનાવવામાં આવ્યા હતા. ગોંડ શાસકોના સમયમાં મધ્યપ્રદેશના જબલપુર વિસ્તારમાં 'બાવન તાલ' અને 'બહાત્તર તલૈયા'નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ તળાવો માત્ર પાણી સંગ્રહ માટે નહોતા, પરંતુ સમગ્ર જળચક્રને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા હતા. કેટલાક તળાવો અંદરથી એકબીજા સાથે જોડાયેલા હતા, જેથી વરસાદ ઓછો પડે કે વધુ પડે, બંને પરિસ્થિતિમાં પાણીનું સંતુલન જળવાઈ રહે. આજે પણ જબલપુરમાં ભૂગર્ભ જળનું સ્તર સારું રહેવાનું

એક મુખ્ય કારણ આ પ્રાચીન જળ વ્યવસ્થાપન છે.

આજે આપણે પાણી માટે કેમ તરસી રહ્યા છીએ તેનું મુખ્ય કારણ એ છે કે આપણે આપણા જ જ્ઞાનવારસાને ભૂલી ગયા છીએ. હવે તંત્ર અને પ્રજામાં જાગૃતિ જોવા મળે છે. હકીકતે, શહેરોના વિસ્તરણમાં હજારો તળાવો પુરાઈ ગયા, નદીઓના કુદરતી માર્ગો બદલાઈ ગયા અને ભૂગર્ભ જળના પુનર્ભરણની વ્યવસ્થાઓ નષ્ટ થઈ ગઈ. પરિણામે આજે પાણીનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે. આપણે પ્રકૃતિ સાથેના સંતુલનને તોડી નાખ્યું છે. વરસાદી પાણી દર વર્ષે સમુદ્રમાં વહી જાય છે, જ્યારે બીજી તરફ આપણે પીવાના પાણી માટે સંઘર્ષ કરીએ છીએ. જો આપણે આપણા પૂર્વજોની જળ વ્યવસ્થાપનની પદ્ધતિઓને આધુનિક વિજ્ઞાન સાથે જોડીને અમલમાં મૂકીએ, તો દેશના મોટાભાગના જળસંકટનો ઉકેલ મેળવી શકીએ.

આજની સૌથી મોટી જરૂરિયાત એ છે કે આપણે પોતાના વૈજ્ઞાનિક વારસાનું પુનઃમૂલ્યાંકન કરીએ. પ્રાચીન જળ વ્યવસ્થાપનનો અભ્યાસ માત્ર ઇતિહાસ જાણવા માટે નહીં, પરંતુ ભવિષ્ય ઘડવા માટે કરવો જોઈએ. દરેક ગામમાં તળાવ, દરેક ઘરમાં વરસાદી પાણીનો સંગ્રહ અને દરેક શહેરમાં ભૂગર્ભ જળના પુનર્ભરણની વ્યવસ્થા અનિવાર્ય બનવી જોઈએ. જે ચેકડેમ કે બોરી બંધ બનેલા છે તે વરસાદ આવે તે પહેલાં પુનઃ ચકાસી લેવા જોઈએ. પાણીના સંગ્રહ માટે વર્તમાનમાં અનેક સરકારી યોજનાઓ ઉપલબ્ધ છે માત્ર આપણે જાગૃત બની માહિતી મેળવી સ્થાનિક તંત્રને રજૂઆત કરવી જોઈએ.

આવતા દિવસોમાં જ્યારે મેઘરાજા ગુજરાતની ધરતી પર અમૃતવર્ષા કરશે, ત્યારે આપણે માત્ર વર્ષાના ગીતોથી તેનાં વધામણાં ન કરીએ, પરંતુ તેની દરેક બુંદને રાષ્ટ્રની સંપત્તિ માનીને સાચવવાનો સંકલ્પ પણ કરીએ. કારણ કે પાણી માત્ર કુદરતી સંસાધન નથી; તે જીવન, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને સભ્યતાનો આધાર છે. જો આપણે આપણા પ્રાચીન જળવિજ્ઞાનને ફરીથી જીવનમાં ઉતારી શકીશું, તો ફરી એકવાર ભારતને 'સુજલામ્ સુફલામ્' બનાવવાનું સ્વપ્ન સાકાર થઈ શકશે. અન્યથા ઇતિહાસ આપણને માફ નહીં કરે કે આપણે પૂર્વજોના અમૂલ્ય જ્ઞાનવારસાને વિસારીને પાણી માટે તરસતી પેઢીનું નિર્માણ કર્યું. તેથી ચાલો આપણે જ પ્રાચીન જળ સંચયનું જ્ઞાન અપનાવીને વરસાદનું દરેક ટીપું બચાવવાનો સંકલ્પ લઈને જળસમૃદ્ધ નવા ભારતનું નિર્માણ કરીએ.

(તા.૨૩૦૬-૨૦૨૬ ફુલછાબમાંથી સાભાર)

સહકારી પરીવહન

સહકારી ધોરણે ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના

ભારત સહિત સમગ્ર વિશ્વમાં પરિવહન ક્ષેત્ર ઝડપથી બદલાઈ રહ્યું છે. પેટ્રોલ અને ડીઝલ જેવા પરંપરાગત ઈંધણના વધતા ભાવ, પર્યાવરણ પ્રદૂષણ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાની વૈશ્વિક પ્રતિબદ્ધતાઓને કારણે ઈલેક્ટ્રિક વાહનો (Electric Vehicles-EV)નો ઉપયોગ સતત વધી રહ્યો છે. ભારત સરકાર દ્વારા પણ "ગ્રીન મોબિલિટી"ને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આગામી વર્ષોમાં દેશના માર્ગો પર લાખો ઈલેક્ટ્રિક વાહનો દોડશે, જેના કારણે વિશ્વસનીય અને સુલભ ચાર્જિંગ સુવિધાઓની માંગ ઝડપથી વધવાની છે.

ગુજરાત જેવા ઔદ્યોગિક અને કૃષિપ્રધાન રાજ્યમાં આ ક્ષેત્ર સહકારી સંસ્થાઓ માટે નવી તક બની શકે છે. સેવા સહકારી મંડળીઓ, ખરીદ-વેચાણ સંઘો, દૂધ ઉત્પાદક સહકારી સંઘ અને મંડળીઓ, શહેરી સહકારી બેંકો અને અન્ય સહકારી સંસ્થાઓ જો સંયુક્ત રીતે ઈવી ચાર્જિંગ સ્ટેશન સ્થાપે તો તે માત્ર વ્યવસાય નહીં, પરંતુ ગ્રામ્ય વિકાસ, રોજગારી અને પર્યાવરણ સંરક્ષણનું ઉત્તમ ઉદાહરણ બની શકે.

સ્નેહા ટી. જાની
મ. સીઈઆઈ
ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ યુનિયન,
ભાવનગર

સહકારી ક્ષેત્ર માટે ઈવી ચાર્જિંગ સ્ટેશન શા માટે જરૂરી ?

સહકારી સંસ્થાઓનો મુખ્ય હેતુ સભ્યો અને સમાજના આર્થિક વિકાસનો છે. સમયની જરૂરિયાત અનુસાર નવી સેવાઓ શરૂ કરવી સહકારી ચળવળની ઓળખ રહી છે. આજના સમયમાં ઈવી ચાર્જિંગ સ્ટેશન પણ એવી જ એક નવી સેવા છે.

તેના મુખ્ય લાભો આ મુજબ છેઃ

- સહકારી સંસ્થાને આવકનો નવો અને સ્થાયી સ્ત્રોત મળે.
- ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધા ઉપલબ્ધ બને.
- યુવાનોને રોજગારીની તક મળે.
- ખેડૂતો, વેપારીઓ અને સામાન્ય નાગરિકોને નજીકમાં ચાર્જિંગ સુવિધા મળે.

- પર્યાવરણમૈત્રી વિકાસને પ્રોત્સાહન મળે.

કોઈપણ પ્રોજેક્ટની સફળતા યોગ્ય આયોજન પર આધારિત હોય છે. ઈવી ચાર્જિંગ સ્ટેશન સ્થાપતા પહેલાં વિસ્તારનો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે.

સૌપ્રથમ જાણવુ જોઈએ કે વિસ્તારમાં કેટલા ઈલેક્ટ્રિક વાહનો છે, ભવિષ્યમાં તેની સંખ્યા કેટલી વધી શકે છે, નજીકમાં અન્ય ચાર્જિંગ સ્ટેશન છે કે નહીં, વીજળીની પૂરતી સુવિધા ઉપલબ્ધ છે કે નહીં અને યોગ્ય જમીન ક્યાં મળી શકે. આ માહિતીના આધારે પ્રોજેક્ટની સંભાવના નક્કી કરી શકાય.

દરેક સહકારી સંસ્થા માટે આ પ્રોજેક્ટ યોગ્ય હોય એવું જરૂરી નથી. જે સંસ્થા પાસે જમીન, નાણાકીય સક્ષમતા અને સારા સંચાલનની વ્યવસ્થા હોય તેવી સંસ્થાઓ વધુ સફળ બની શકે.

ઉદાહરણ તરીકે, સેવા સહકારી મંડળી, તાલુકા ખરીદ-વેચાણ સંઘ, દૂધ ઉત્પાદક સહકારી મંડળી, શહેરી સહકારી બેંક, બહુહેતુક સહકારી સંસ્થાઓ તથા એકથી વધુ સંસ્થાઓ મળીને પણ સંયુક્ત પ્રોજેક્ટ શરૂ કરી શકે છે.

આયોજન સમિતિની રચના

પ્રોજેક્ટ શરૂ કરતા પહેલાં અનુભવી સમિતિ બનાવવી જોઈએ. તેમાં સંસ્થાના હોદ્દેદારો ઉપરાંત ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, બેન્કિંગ નિષ્ણાત અને ઈવી ક્ષેત્રના ટેક્નીકલ સલાહકારનો સમાવેશ કરવો જોઈએ. આ સમિતિ સમગ્ર આયોજન, ખર્ચ, મંજૂરી અને અમલીકરણની જવાબદારી સંભાળે છે.

વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ

કોઈપણ બેંક અથવા સરકારી સંસ્થા પાસે નાણાકીય સહાય મેળવવા માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવો જરૂરી છે.આ રિપોર્ટમાં સ્થળ, કુલ ખર્ચ, આવકના સ્ત્રોત, વીજળીની જરૂરિયાત, દૈનિક ચાર્જિંગ ક્ષમતા, પાંચ વર્ષનું આવક-ખર્ચનું અનુમાન, જોખમો અને તેના નિવારણ સહિતની તમામ માહિતી સમાવવી જોઈએ.

નાણાકીય આયોજન

ઈવી ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા માટે પ્રારંભિક મૂડીની જરૂર પડે છે. આ માટે સહકારી સંસ્થાના સભ્યોની શેર મૂડી ઉપરાંત સહકારી બેંકો, NABARD, NCDC, રાજ્ય સરકારની યોજનાઓ, CSR ફંડ અને અન્ય નાણાકીય સંસ્થાઓનો સહારો લઈ શકાય.યોગ્ય નાણાકીય આયોજન પ્રોજેક્ટને લાંબા ગાળે સફળ બનાવે છે.

સ્થળની પસંદગીઃ

ચાર્જિંગ સ્ટેશનનું સ્થાન તેની સફળતામાં સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે. હાઈવે, બસ

સ્ટેન્ડ, APMC માર્કેટ, દૂધ ડેરી, તાલુકા મથક, ઔદ્યોગિક વિસ્તાર અને પર્યટન સ્થળો નજીક સ્ટેશન સ્થાપવાથી ગ્રાહકોની સંખ્યા વધારે મળી શકે. સ્થળ પસંદ કરતી વખતે સરળ પ્રવેશ, સુરક્ષા, પાર્કિંગ અને વીજળીની ઉપલબ્ધતાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

વીજળી અને ટેક્નીકલ વ્યવસ્થા

ઈવી ચાર્જિંગ સ્ટેશન માટે પૂરતી ક્ષમતાનું વીજ જોડાણ જરૂરી છે. રાજ્યની વીજ વિતરણ કંપની પાસેથી જરૂરી લોડ મંજૂર કરાવવો પડે છે. કેટલીક જગ્યાએ નવા ટ્રાન્સફોર્મરની પણ જરૂર પડી શકે છે. શરૂઆતમાં ૭.૪ kW અથવા ૨૨kW AC ચાર્જર સ્થાપિત કરવાથી ઓછા ખર્ચે સેવા શરૂ કરી શકાય. ત્યારબાદ વાહનોની સંખ્યા અને માંગ વધે ત્યારે ૩૦ kW અથવા ૬૦ KW DC ફાસ્ટ ચાર્જર ઉમેરવાથી વધુ ગ્રાહકોને આકર્ષી શકાય.આ રીતે તબક્કાવાર વિકાસ કરવાથી રોકાણનું જોખમ ઓછું રહે છે અને સ્ટેશનની આવક વધારવાની સારી તક મળે છે.

ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ

આધુનિક ચાર્જિંગ સ્ટેશનમાં મોબાઈલ એપ્લિકેશન, ક્યુઆર કોડ પેમેન્ટ, ઓનલાઈન બિલિંગ, રિમોટ મોનિટરિંગ અને ડિજિટલ રિપોર્ટિંગ જેવી સુવિધાઓ હોવી જોઈએ. આથી ગ્રાહકોને સરળતા રહે છે અને સંસ્થાને પારદર્શક વહીવટ કરવામાં મદદ મળે છે.

પ્રોજેક્ટ શરૂ કરતા પહેલાં વીજ વિતરણ કંપની, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા, GST નોંધણી, PAN, બેંક ખાતું અને અન્ય જરૂરી કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કરવી જોઈએ. સલામતીના તમામ ધોરણોનું પાલન કરવું પણ એટલું જ મહત્વનું છે.

બાંધકામ અને સુવિધાઓ

સફળ ચાર્જિંગ સ્ટેશનમાં માત્ર ચાર્જર જ નહીં, પરંતુ વાહન પાર્કિંગ, CCTV, LED લાઇટ, પીવાનું પાણી, શૌચાલય, રાહદારીઓ માટે બેઠક વ્યવસ્થા અને સ્વચ્છતા જેવી સુવિધાઓ પણ હોવી જોઈએ. સારી સુવિધાઓ ગ્રાહકોને ફરીથી સેવા લેવા પ્રોત્સાહિત કરે છે.

કર્મચારીઓની તાલીમ

ચાર્જિંગ સ્ટેશનમાં કાર્યરત કર્મચારીઓને ઈવી ટેક્નોલોજી, સલામતી, ગ્રાહક સેવા, ડિજિટલ પેમેન્ટ અને ઇમરજન્સી મેનેજમેન્ટ અંગે તાલીમ આપવી જોઈએ. તાલીમબદ્ધ કર્મચારીઓ પ્રોજેક્ટની વિશ્વસનીયતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ચાર્જિંગ ફી ઉપરાંત સહકારી સંસ્થા નીચેના માધ્યમોથી પણ આવક મેળવી શકે છે.

- જાહેરાત માટે ડિજિટલ ડિસ્પ્લે
- મીની કેફે અથવા ચા-નાસ્તાની સુવિધા
- કાર વોશ
- ટાયર એર સર્વિસ
- ઈવી એક્સેસરીઝનું વેચાણ
- બેટરી સર્વિસિંગ

જેનાથી પ્રોજેક્ટ વધુ નફાકારક બની શકે છે.

સફળ Ev ચાર્જિંગ સ્ટેશનના ઉદાહરણો વિશે જાણીએ કે સહકારી માળખું આ બિઝનેસમાં કેવી રીતે ક્રાંતિ લાવી રહ્યું છેઃ

૧. હાઉસિંગ કો-ઓપરેટિવ સોસાયટી મોડલ (મૂંબઈ અને બેંગલુરુ)

ભારતના મેટ્રો શહેરોમાં આવેલી મોટી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓએ પોતાના સભાસદો માટે સહકારી ધોરણે કોમન ચાર્જિંગ સ્ટેશન સ્થાપ્યા છે.

શરૂઆતમાં જ્યારે વ્યક્તિગત ચાર્જર મૂકવામાં સોસાયટીના ઈલેક્ટ્રિકલ લોડ અને જગ્યાની સમસ્યા નડતી હતી, ત્યારે મુંબઈ અને બેંગલુરુની કેટલીક સોસાયટીઓએ (જેમ કે મુંબઈની માલાબાર હિલની સોસાયટીઓ) સામાન્ય સભામાં ઠરાવ પસાર કરીને "કોમન સહકારી ઈવી ચાર્જિંગ ઝોન" બનાવ્યો. સોસાયટીએ પોતે અથવા થર્ડ પાર્ટી ઓપરેટર (દા.ત. Tata Power અથવા Tecell) સાથે રેવન્યુ-શેરિંગ મોડલ પર કરાર કર્યો. પરિણામે સભાસદોને માર્કેટ કરતાં સસ્તા દરે સોસાયટીની અંદર જ ઓવરનાઈટ ચાર્જિંગની સુવિધા મળી અને ચાર્જિંગ ફી માંથી થતી નફાની આવક સોસાયટીના મેન્ટેનન્સ ફંડમાં જમા થાય છે, જેથી સભાસદોનું માસિક મેન્ટેનન્સ પણ ઘટ્યું છે.

૨. કર્ણાટક ઓટો-ડ્રાઈવર્સ કો-ઓપરેટિવ સોસાયટી (બેંગલુરુ):

બેંગલુરુમાં ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર (e-Auto) ચલાવતા રીક્ષા ચાલકોએ ભેગા મળીને એક સહકારી મંડળીનું ગઠન કર્યું છે. સામાન્ય રીતે પબ્લિક ચાર્જિંગ સ્ટેશનો પર રીક્ષા ચાલકોએ વધારે કિંમત ચૂકવવી પડતી હતી. આ સોસાયટીએ સરકારી સબસિડી અને સોસાયટીના સંયુક્ત ભંડોળથી પોતાના સભાસદો માટે ખાસ 'એક્સક્લુઝિવ કો-ઓપરેટિવ ઈવી ચાર્જિંગ એન્ડ બેટરી સ્વેપિંગ સ્ટેશન' શરૂ કર્યા.આ મોડલથી રીક્ષા ચાલકોનો ઓપરેટિંગ ખર્ચ (રોજિંદો ખર્ચ) ૪૦% સુધી ઘટી ગયો. સોસાયટીના સભ્યો જ આ સ્ટેશનના માલિક હોવાથી વચેટિયાઓનો નફો નાબૂદ થયો અને મંડળી આત્મનિર્ભર બની.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ, સારા માર્ગો અને મજબૂત સહકારી માળખાને

અનુસંધાન પાન નં.૨૮ ઉપર

યોગદર્શન

અષ્ટાંગ યોગ

ધ્યાન એટલે મનને સાવ ખાલીખમ કરવું

મહર્ષિ પતંજલિના "પાતંજલ યોગદર્શન"નાં બીજા સાધનપાદના સૂત્ર ૨૯ના "યમનિયમાસનપ્રાણાયામપ્રત્યાહારધારણા-ધ્યાનસમાધયોઅષ્ટાંગાનિ' અષ્ટાંગ યોગના એક પછી એક પગથિયાંની ચર્ચા વિચારણા કરતાં કરતાં સાતમા સોપાન ધ્યાન સુધી આપણે પહોંચી ગયા.

માતાપિતા પોતાના સંતાનને સૂચના આપતાં કહેતા હોય છે કે... ત્યાં ધ્યાન રાખીને ચાલ જે, ... ધ્યાન રાખીને જજે. મેં ખૂબ ધ્યાન રાખ્યું તો પણ... વગેરે. તેની સાથે વ્યવહાર કરવામાં ધ્યાન રાખજે, જોજે ત્યાં ધ્યાન રાખીને જજે, આમ, સામાન્ય વાતચીતમાં આપણે ધ્યાન શબ્દનો અવારનવાર ઉપયોગ કરીએ છીએ. અહીં ધ્યાનનો અર્થ છે સભાનતા, સાવચેતી કે જાગ્રતતા. યોગસાધનામાં પણ સાધકે પૂરેપૂરી સભાનતા અને જાગ્રતતા રાખવાની છે.

કિરણ ચાંપાનેરી (યોગ સાધક)
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

ધ્યાન એટલે ધ્યાન. ધ્યાન એટલે એકાગ્રતા. મનની સર્વોચ્ચ એકાગ્રતાની અવસ્થા તે ધ્યાન છે. ધ્યાન એ મનને સ્થિર કરવાની પ્રક્રિયા છે. કોઈપણ વસ્તુ કે પદાર્થ કે મંત્ર પર મનને અમુક સમય સુધી એકાગ્ર કરવાનો અભ્યાસ એટલે ધ્યાન. આગળના લેખ ધારણામાં આપણે વાત કરેલી કે કોઈ બાહ્ય વસ્તુ કે પદાર્થ અથવા શરીરની અંદરના આધ્યાત્મિક કેન્દ્રો-ચક્રો-દેશ ઉપર મનને ધીમે ધીમે અમુક સમય સુધી એકાગ્ર કરતાં કરતાં ધારણામાંથી ધ્યાનાવસ્થાએ પહોંચાય છે.

ધારણાનું આગળનું સ્વરૂપ તે ધ્યાન... મહર્ષિ પતંજલિ 'પાતંજલ યોગદર્શન'નાં ત્રીજા વિભૂતિપાદના સૂત્ર નંબર બેમાં ધ્યાનની વાત કરે છે - **तत्र प्रत्ययैकतानता ध्यानम्** એટલે કે તે ધારણામાં વૃત્તિનું સમાન બની રહેવું ધ્યાન છે. જેમાં ચિત્ત પરોવાયું હોય તેમાં જ વૃત્તિ પણ હોય તેને ધ્યાન કહે છે. સાવ સરળ અને સાદી ભાષામાં વાત કરીએ તો કંઈ જ ન કરવું એ ધ્યાન છે. મનને વિચારવમળોમાંથી મુક્ત કરવું એ ધ્યાન છે. મનને સાવ ખાલીખમ કરવું એ ધ્યાન છે. મનને સાવ શૂન્ય કરવુંએ ધ્યાન છે...

જો કે, ધ્યાન અંગે જે રીતે આ લખાય છે અને બોલીએ છીએ તેટલું અને અત્યારે તમે જે રીતે વાંચી રહ્યાં છો એટલું સરળ નથી. મનનું કાર્ય શું? મનનો ખોરાક શું છે? વિચારવું એ મનનું કાર્ય અને વિચાર એ મનનો ખોરાક છે. મનને વિચારોથી સાવ મુક્ત કરવું સરળ અને સહેલું નથી. છતાંય અઘરું પણ નથી. સતત નિરંતર ધારણાનો અભ્યાસ કરતાં કરતાં સહજ ધ્યાનાવસ્થાએ પહોંચી શકાય છે.

શ્રીમદ્ ભગવદગીતાના પાંચમાં અધ્યાયનો ૨૭મો શ્લોક જોઈએ...

स्पर्शान्कृत्वा बहिर्बाश्चक्षुश्चैवान्तरे भ्रूवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तर चारिणौ ॥

અર્થાત્... બહારના પદાર્થોને બહાર જ ત્યજીને અને આંખોની દૃષ્ટિને ભ્રમરોની મધ્યમાં નાસિકામાં વિચરતા પ્રાણ અને અપાનવાયુને સમ કરીને... નાસિકાની બહાર નીકળતા વાયુને "પ્રાણ" અને નાસિકાની અંદર જતા વાયુને "અપાન" કહે છે. બહાર નીકળતા ઉચ્છશ્વાસ એટલે કે પ્રાણ વાયુની ગતિ દીર્ઘ અને અંદર જતા વાયુ એટલે કે અપાન વાયુની ગતિ લઘુ હોય છે. આ બન્નેને સમ કરવા માટે પહેલાં ડાબા નસકોરાથી અપાનવાયુને અંદર લઈને પછી જમણા નસકોરાથી પ્રાણવાયુને બહાર કાઢવાનો અભ્યાસ કરવો.આ રીતે નિયમિત સતત અભ્યાસ કરવાથી પ્રાણ અને અપાન વાયુની ગતિ સમ,શાંત અને સૂક્ષ્મ બનતી જાય છે. આમ થતાં ધીરે ધીરે મન વિચારોમાં મુક્ત થાય છે.મનની ચિંતનધારા આત્મદર્શનથી પરમાત્મદર્શન તરફ વળે છે અને વહેવા માંડે છે... મનની વિચારોમાં મુક્ત થવાની સ્થિતિ એ જ સહજ ધ્યાન...

શ્રીમદભગવદગીતાનો છઠ્ઠો અધ્યાય ધ્યાનયોગની સમજ આપે છે. છઠ્ઠા અધ્યાયના ૧૧ થી ૧૪ સુધીના શ્લોકમાં ધ્યાન કેવી રીતે, કેવા વાતવારણમાં, કયારે કરવું એ અંગેની વિસ્તૃત સમજ આપી છે. એકાંતમાં સ્વચ્છ શુધ્ધ ભૂમિ પર, જમીનથી યોગ્ય ઊંચાઈવાળા બાજઠ કે ચોકી ઉપર ઊન કે દર્ભનું આસન બિછાવી,તેના પર કાયામસ્તક ડોકને સીધાં, ટટ્ટાર અને સ્થિર રાખીને પોતાની નાસિકાના અગ્રભાગ-પ્રદેશ ઉપર દૃષ્ટિને ટેકવીને સ્થિર થઈને બેસવું. શાસ્ત્રોમાં ધ્યાન માટેનો સર્વશ્રેષ્ઠ સમય બ્રહ્મમૂહુર્ત દર્શાવ્યો છે. બ્રહ્મમૂહુર્ત એટલે સૂર્યોદય પહેલાના ૨ થી ૩ કલાકનો સમય, સવારના ૬.૦૦ કલાક પહેલાનો અને દિવસના અંતે સંધ્યાનો સમય ધ્યાન માટે આદર્શ સમય છે.

ચિંતનનો પ્રવાહ અવરોધાયા વગર, સતત એકધારો વહેતો રહે તે સ્થિતિને ધ્યાન

કહે છે.જેવી રીતે બલ્બમાં રહેલા સૂક્ષ્મ તારને સતત એકસરખો અને એકધારો વીજળીનો પ્રવાહ મળતો રહે તો પ્રકાશ આપે છે. તેવી રીતે ધ્યાનથી યોગસાધકનું મન પ્રકાશિત થાય છે. પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં યોગસાધક પરમ આનંદની અનુભૂતિને પામે છે. યોગસાધકને વીજળીના ચમકારાની જેમ સર્વત્ર ઝળહળતા જયોતિપુંજનું દર્શન થાય છે.ધ્યાનની સાધના અત્યંત આનંદદાયક છે.એનો આસ્વાદ મળતાં જીવન ધન્ય ધન્ય બની જાય છે અને પરામનંદને પામે છે.

ધારણામાં પરિપકવતા આવે એટલે ધ્યાન સધાય.ધારણાના સતત એકધારા અભ્યાસથી ચિત્તની વૃત્તિ જે દેશ, પ્રદેશ, વસ્તુ-ધ્યેયમાં લાગી હોય તેમાં બરાબર જોડાઈ જાય અને પાણીના એકધારા પ્રવાહની જેમ એકતાતણાથી વહેવા માંડે તેને ધ્યાન કહે છે. જયારે લાંબો સમય સુધી ચિત્તની એકાગ્રતા ટકી રહે અને ધ્યાનધારા અખંડિત બને ત્યારે યોગની સર્વોચ્ચ ભૂમિકા સમાધિમાં યોગસાધક પ્રવેશે છે... સમાધિ અંગે હવે પછી વાત કરીશું...

અનુસંધાન પાના નં. ૨૫નું ચાલુ

કારણે ઈવી ચાર્જિંગ ક્ષેત્રમાં વિશાળ પ્રગતિની સંભાવનાઓ છે. જો જિલ્લા સહકારી સંઘો, સેવા સહકારી મંડળીઓ અને શહેરી સહકારી બેંકો સંકલિત આયોજન સાથે કાર્ય કરે, તો દરેક તાલુકા અને મુખ્ય ગામોમાં ચાર્જિંગ સ્ટેશનોનું જાળું ઊભું કરી શકાય. આ મોડેલ રાજ્યના હરિત વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

ઈવી ચાર્જિંગ સ્ટેશન માત્ર એક વ્યવસાયિક પ્રોજેક્ટ નથી, પરંતુ ભવિષ્યલક્ષી વિકાસનું પ્રતીક છે. સહકારી ક્ષેત્ર પાસે લોકોનો વિશ્વાસ, સંગઠન શક્તિ અને સામૂહિક મૂડી જેવી વિશેષતાઓ છે. જો યોગ્ય આયોજન, પારદર્શક વહીવટ, આધુનિક ટેકનોલોજી અને સરકારની યોજનાઓનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે, તો સહકારી ધોરણે સ્થાપિત ઈવી ચાર્જિંગ સ્ટેશનો આર્થિક રીતે સફળ, પર્યાવરણમૈત્રી અને સમાજહિતના ઉત્તમ કેન્દ્રો બની શકે છે. સમયની માંગને સમજીને સહકારી ક્ષેત્રે આ નવી દિશામાં આગળ વધવું જોઈએ, જેથી સહકારના સિદ્ધાંતો સાથે હરિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકાય.

આરોગ્ય લક્ષી

આરોગ્ય ઔષધ - ઉપવાસ

- ''બધા ઔષધમાં સર્વોત્તમ છેઃ વિશ્રામ અને ઉપવાસ.'' — ફ્રેંકલિન
- ''લાંબું ભોજન - ટૂંકી જિંદગી''
  — WHO (વર્લ્ડ હેલ્થ સંસ્થા)
  ટૂંકું ભોજન - લાંબી જિંદગી
- ''પેટ સાફ - રોગ માફ'' — WHO
- ''આયુષ્ય લાંબુ રહે તેમ ઈચ્છતા હો તો ખોરાક ઓછો કરો.'' — ફ્રેંકલિન
- ''ઉપવાસ એટલે પ્રભુની સમીપ સાથે રહેવું.''

પ્રાચીન સમયથી આપણા બધાજ ધર્મોમાં સારા આરોગ્ય અને ઈશ્વરની નજીક રહેવા માટે ઉપવાસનું મહત્વ સ્વીકારવામાં આવેલું છે. ઉપવાસથી સારું-આરોગ્ય જાળવી શકાય છે, અને ઈશ્વરની આરાધના થઈ શકે છે. સારું આરોગ્ય એ મનુષ્યનું મુખ્ય ધન છે. આરોગ્ય જાળવણી માટે ખોરાક એક મુખ્ય સાધન છે. મનુષ્ય જીવવા માટે ખાય છે પણ ઘણા મનુષ્ય ખાવા માટે જીવતા હોય છે.

નવીન વી. વાછાણી
૪૦૧- ચોકલેટ કોર્નર એપાર્ટમેન્ટ,
અંબિકા ટાઉનશીપ મેઈનરોડ, કેવલમ રેસિડેન્સી નજીક, પોસ્ટ ઓફિસ, મોટા મવા, રાજકોટ
મો. ૯૯૭૯૪૬૯૯૧૭

વળી ઘણા લોકો વધુ ખાવાથી વધુ જીવાય છે એવું માનનારા પણ હોય છે. આવા લોકો વારંવાર સમયે-કસમયે ખા-ખા કરતા રહેતા હોય છે. વાસ્તવમાં ઓછા આહારના કારણે બહુ થોડા લોકો મરે છે. અતિ આહારના કારણે ઘણા લોકો બિમાર પડે છે ને મૃત્યુ પામે છે. કોઈ લેખકે સાચું જ કહ્યું છે કે : 'આપણે આપણી કબર આપણાં દાંત વડે જ ખોદીએ છીએ.' એટલે સારા આરોગ્યની જાળવણી માટે ઉપવાસ ખૂબ અગત્યના છે.

ઉપવાસ એટલે વ્યક્તિએ શરીરમાં રહેલ વિષ અને રોગ દૂર કરવા માટે સ્વેચ્છાએ સંયમ પૂર્વક ભૂખ્યા રહેવા સ્વીકારેલી શિસ્ત, ઉપવાસ કરવાથી શરીરને સ્વસ્થ અને નિરોગી રાખી શકાય છે. લગભગ બધી જ આરોગ્ય પધ્ધતિઓ આરોગ્ય જાળવણી માટે ઉપવાસની સલાહ આપે છે. દર અઠવાડિયે એક ટંકનું ભોજન તજવાથી રોગોને અટકાવી શકાય છે. ગંભીર માંદગીમાં એક બે દિવસના ઉપવાસ કરવાથી અને જૂની માંદગીમાં ત્રણથી સાત દિવસના ઉપવાસ કરવાથી અકલ્પય લાભ થાય છે ઉપવાસથી પાંચનતંત્ર તથા શરીરના અનેક અંગોને આરામ મળે છે. શરીરમાંથી વિષ દૂર થાય છે. ને રોગ મટે છે. ઉપવાસનો મુખ્ય હેતું

આંતરડાં, પેટને આરામ આપવાનો છે. સાથે મનનો આધ્યાત્મિક વિકાસ પણ થાય છે. ઉપવાસ કરવાથી આંતરડાને પૂર્ણ આરામ મળે છે. ઉપવાસથી શરીરમાં જમા ગ્લાયકોજન તથા સ્ટાર્ચનું પાચન થાય છે. ને ચરબી ઘટે છે. ઉપવાસથી શરીરમાં ઉત્પન્ન થતાં ટોકશિન પરસેવા અને પેશાબ રૂપે બહાર નીકળી જાય છે. ઉપવાસના નામ પર ચિપ્સ, ફરાળી ખીચડી, ફરાળી વાનગીઓ ખાવાથી લાભના બદલે નુકસાન થાય છે. ઉપવાસના દિવસે ફળ, દૂધનો આહાર લેવો જોઈએ વધારે ખોરાક લેવાથી શરીરને નુકસાન થાય છે. શક્ય તેટલું વધુ પાણી પીવું જોઈએ. સવાર-સાંજ ચાલવું જોઈએ નબળાઇ લાગે તો લીંબુ શરબત લેવું જોઈએ. ઉપવાસનો અર્થ ભૂખે મરવું એવો નથી. આપણા પાચન તંત્રને આરામ આપવાનો ને મજબૂત બનાવવાનો હેતું છે.

ઉપવાસના અનેક ફાયદાઓ છે. પાચનતંત્ર મજબૂત થાય છે. આત્મવિશ્વાસ વધે છે. ભૂખ નિયંત્રણમાં રાખી શકાય છે. પાચનક્રિયા સંતુલિત થાય છે.

પાચન થતા ડાયબિટીસ થવાનું જોખમ ઘટે છે. વજન નિયંત્રણ થાય છે. શરીરમાં તાજગી, સ્ફૂર્તિ અને પ્રસન્નતા વધે છે. અસ્થમાં, બ્લડપ્રેશર, પાચન સમસ્યા, થાક જેવા રોગો હળવા થાય છે. ત્વચા સુંવાળી, સુંદર અને રેશમી બને છે. ખીલની સમસ્યા દૂર થાય છે.

સગર્ભા સ્ત્રીઓ, અશક્ત વૃધ્ધો, બાળકો, ગંભીર માંદગીવાળા લોકોએ ઉપવાસ ન કરવા જોઈએ. ઘણી વ્યક્તિઓ ઉપવાસમાં ઓછો આહાર લેવાને બદલે વધુ આહાર લેતા હોય છે, જેને ઉપવાસ ન કહેવાય. ઉપવાસનો અર્થ છે; એવા આચાર, વિચાર, વ્યવહાર અને શુભસંકલ્પ કરવા કે જેમનાથી તન અને મનની શુધ્ધતા વધે, બળ વધે. શરીરને સૂકવી નાખવાનું નામ ઉપવાસ નથી. ઉપવાસ એટલે માત્ર ખાવાનો ત્યાગ કરવો એ નહિ, પણ આપણે આપણા મનની ઈન્દ્રિયો પર કાબૂ રાખીએ તે પણ ઉપવાસ કહેવાય.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આ છ દુશ્મનો પર કાબૂ મેળવવો તે ઉપવાસ છે.

મન, કર્મ, વચનથી અહિંસક બનવું, કોઈને કવેણ ન કહેવા, નિંદા ન કરવી, રાગ-દ્વેષ પર કાબૂ રાખવો તે પણ ઉપવાસ છે. મરકટ મનને ઈશ્વર સ્મરણમાં રાખવું તે ઉપવાસ છે.

અશ્લીલતા જોવી, સાંભળવી કે આચરવી નહિ તે ઉપવાસ છે. વ્યસનો છોડી નિર્વ્યસની બનવું, સદાચારી બનવું. પરોપકારી બનવું, દેશ સેવાનું વ્રત લેવું. સૂર્યોદય પહેલા ઊઠી જવું, સવાર-સાંજ

અનુસંધાન પાન નં.૩૪ ઉપર

ટેક્નોલોજી

ભારત 'વિસ્તાર' : કિસાનોની મદદ કરશે એઆઇ સેવા

ભારત વિસ્તાર બહુભાષી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સીધી જ ખેડૂતો સાથે વાતચીત કરતું ટૂલ છે, એના દ્વારા ખેડૂતો મોબાઇલ અથવા સ્માર્ટ ફોન દ્વારા કૃષિ સંબંધિત પ્રશ્નો પૂછીને તેનો તાત્કાલિક ઉકેલ પણ મેળવી શકે છે

કેન્દ્રના ૨૦૨૬ના અંદાજપત્રમાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે રૂ.૧,૬૨,૬૭૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આગળના વર્ષ કરતા તે ૭ ટકા વધારે છે. સરકારે અંદાજપત્ર વધાર્યું છે તે પાછળ ખેડૂતોની પ્રગતિ, ખાદ્ય સુરક્ષા અને મૂળ ડેટા આધારિત ટેકનોલોજી પાછળ થનારું ખર્ચ મહત્વનું હોઈ શકે છે. પહેલા પગલાં રૂપે તાજેતરમાં દિલ્હીમાં મળેલી એઆઈ સમિટ દરમિયાન ભારત એઆઈ આધારિત ભારત વિસ્તાર યોજનાનો પ્રથમ તબક્કો શરૂ કરી દીધો. જયપુરમાં પાઇલોટ પ્રોજેક્ટ શરૂ થયો છે.

શું છે ભારત વિસ્તાર ? ભારત વિસ્તાર બહુભાષી આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ આધારિત સીધી જ ખેડૂતો સાથે વાતચીત કરતું ટૂલ છે. એના દ્વારા ખેડૂતો મોબાઇલ અથવા સ્માર્ટ ફોન દ્વારા કૃષિ સંબંધિત પ્રશ્નો પૂછીને તેનો તાત્કાલિક ઉકેલ પણ મેળવી શકે છે.

નિલય ઉપાધ્યાય

સરકારે ૧૫૫૨૬૧ એમ એક નંબર જાહેર કર્યો છે. એના પર ફોન કરવાથી ખેડૂતોને પાક કઈ રીતે વાવવો ? જીવાત અને રોગ વિશે સલાહ, હવામાનની આગાહી, મંડી ભાવ, સરકારી યોજનાઓની માહિતી, પીએમ કિસાન જેવી યોજનાઓનું સ્ટેટસ અને પાકનું આયોજન વગેરે જેવી માહિતી મળી રહે છે.

ખેડૂતો મોબાઈલ ઉપર ઉપરોક્ત નંબર ડાયલ કરે એ પહેલા ખાસ નોંધે કે ગુજરાતમાં ભારત વિસ્તાર ખાસ સક્રિય નથી. સિસ્ટમ હજુ પાઇલોટ અર્થાત ટ્રાયલ રન કરી રહી છે. અત્યારે રાજસ્થાનના જયપુરમાં શરૂઆત થઈ છે. માત્ર હિન્દી અને અંગ્રેજી એમ બે જ ભાષામાં ઉપલબ્ધ છે. હવે આગળ જઈને સુધારા-વધારા અને સફળતાને આધારે આખા ભારતમાં તે શરૂ કરવામાં આવશે. ગુજરાતમાં અત્યારે કોઈ ફોન કરે તો સર્વિસ પૂરું કામ કરતી નથી. કેટલીક માહિતી ખોટી મળે એવું પણ બને છે.૨૦૨૬ દરમિયાન ધીરે ધીરે અલગ

અલગ રાજયોમાં તે લોન્ચ કરવામાં આવનાર છે.

અલબત્ત અત્યારે સોશિયલ મીડિયામાં અનેક ભ્રમણાઓ આ સેવાને લઈને ફેલાવવામાં આવી રહી છે. ફોન કરવાથી રૂ.૧૦ હજારની સહાય મળશે, પીએમ કિસાન યોજના તરત મંજૂર થઈ જાય છે, ખેડૂતની આવક બમણી કરવાની નવી સ્કીમ છે. દરેક રાજયોમાં સંપુર્ણ શરૂ થઈ ગઈ છે. એઆઈ તમારી જમીનનો ડેટા લઈને લોન આપશે. વગેરે બધી જ અફવાઓ છે.

સરકારે અત્યારે ભારત વિસ્તાર માટે રૂ.૧૫૦ કરોડની ફાળવણી કરેલી છે. કૃષિ નિષ્ણાતો કહે છેકે, ઘણીવાર ભારતમાં યોજનાઓ અને કલ્યાણકારી લાભો સમયસર માહિતી અને પ્રક્રિયાગત સ્પષ્ટતાના અભાવે લાયક ખેડૂતો સુધી પહોંચવામાં નિષ્ફળ જાય છે. માહિતી અને હકીક્ત વચ્ચેનો ખાલીપો આ સેવાથી પૂરાય તેમ છે. અત્યારે ભારતમાં ઓછા સંસાધનો એવા છેકે જે કૃષિ અંગે સરકારી યોજનાઓની પૂરેપૂરી વિગતો ચપટીમાં આપે છે. (અલબત્ત સત્યતા અંગે હજુ શંકા જ છે)

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના એક ઉદાહરણ છે. જેમાં નોંધણીમાં વધારો (૨૦૨૪-૨૫માં ૪.૧૯ કરોડ ખેડૂતો નોંધાયેલા) જોવા મળ્યાં હોવા છતાં, તે ભારતના કુલ પાક વિસ્તારના માત્ર એક - પાંચમા ભાગથી એક-ચતુર્થાંશ ભાગને આવરી લેવામાં સક્ષમ છે, જે જોખમ સંરક્ષણની શ્રેષ્ઠતા દર્શાવે છે. મર્યાદિત ખેડૂત જાગૃતિ, વિલંબિત અથવા વિવાદિત દાવાની પતાવટ, જટિલ અને ભૂલ - સંભવિત અમલીકરણ પ્રક્રિયાઓ, અને વીમા કંપનીઓ અને નુકસાન મૂલ્યાંકનમાં ઓછો વિશ્વાસ - ભારતની કૃષિ વિસ્તરણ રીતોને કારણે ઉદ્ભવતા મુદ્દાઓ તેના કારાણ હોઈ શકે છે.

૨૦૨૪માં સરકારે ડિજિટલ એગ્રીકલ્ચર મિશનને મંજૂરી આપી હતી. જે હેઠળ કૃષિ માટે ડિજિટલ જાહેર માળખાગત સુવિધા 'એગ્રીસ્ટેક' શરૂ કરવામાં આવી રહી છે. જેથી યોજનાઓ અને સબસિડીને સુવ્યવસ્થિત કરી શકાય. ધિરાણ અને વીમાની પહોંચમાં સુધારો કરી શકાય અને પાક સલાહ અને બજાર સંબંધિત માહિતીને સક્ષમ બનાવી શકાય.

ભારતમાં કૃષિ ક્ષેત્ર માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સ્તર વધારવું એ ખંડિત જમીન માલિકી, ડેટાબેઝમાંથી જમીનહીન ખેડૂતોને બાકાત રાખવા, અસંગત ડેટા સ્ત્રોતો, અસ્પષ્ટ જમીન માલિકી, કાનૂની વિવાદો અને પાયાના સ્તરે મર્યાદિત ડિજિટલ સાક્ષરતાને કારણે પડકારજનક જરૂર છે પણ અશક્ય નથી. જોકે આ પહેલની

કાર્યક્ષમતા ટેકનોલોજી અને સેવાની જમીની સ્તરની સુસંગતતા ઉપર આધારિત છે.

ખેડૂત ઉત્પાદક સંગઠનો કે ખેડૂત ઉત્પાદક કંપનીઓ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ એવા સંગઠનો છેકે જેમણે ઈનપુટ્સના એકત્રીકરણ, બજારોમાં પ્રવેશ અને સરકારી યોજનાઓ સાથે જોડાણ દ્વારા ખેડૂત હિતોનું પ્રતિનિધિત્વ કરવામાં સફળતા મેળવી છે.

ભારત વિસ્તારમાં એફપીઓ અને એફપીસી માટે માઈક્રો-લેવલનું કસ્ટમાઈઝ્ડ ઈન્ટરફેસ ડિઝાઈન કરવાના પ્રયાસો પણ હાથ ધરવા જોઈએ. અત્યારથી જ આવી સંસ્થાઓને જોડવામાં આવે તો તે સારી રીતે કામકાજ કરતી થઈ જશે.

લઘુત્તમ ટેકાના ભાવ અથવા યુરિયા સબસિડી જેવા પ્રોત્સાહનો ખેડૂતોની પસંદગીઓને મર્યાદિત કરે છે તેવા કિસ્સાઓમાં સૌથી સચોટ સલાહ પણ ખેડૂતોને સાચી દિશામાં કામ કરવા દેશે નહીં. આમ, ભારત વિસ્તાર ખેડૂત સલાહકાર સાધન તરીકે નીતિઓની સાથે પણ ખાસ જોડવું જોઈએ અને એ રીતે તે તૈયાર કરવું જોઈએ

ટેકનોલોજી અપનાવવી એ બધાના લાભ માટે છે. ભારતમાં જેટલું પણ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે તેને વાસ્તવિક દુનિયામાં લેવાતા નિર્ણયોમાં પરિવર્તિત કરી આપે છે ભારત વિસ્તાર. પૃથ્વી-નિરીક્ષણ સૂચકાંકો, હવામાન અને આબોહવાની આગાહીઓ, જળશાસ્ત્રીય સંકેતો અને ડિજિટાઈઝ્ડ આકસ્મિક યોજનાઓને જોડીને, સુખ રક્ષક એઆઈ જેવી ગુપ્તચર પ્રણાલીઓ બહુવિધ જોખમોમાં આગોતરા નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે. અસરો દેખાય તે પછી આંચકાઓનો જવાબ આપવાને બદલે, ખેડૂતો અને સરકારો પાક પસંદગીઓ, પાણી વ્યવસ્થાપન, ઈનપુટ ઉપયોગ અને નાણાકીય સાધનોને નિર્ણાયક થ્રેશોલ્ડ પહેલાં સમાયોજિત કરી શકે છે, કૃષિને કટોકટી પ્રતિભાવથી જોખમ વ્યવસ્થાપન તરફ ખસેડી શકે છે.

ગુગલ જેમિનીનો ઉપયોગ કરીને એઆઈ ૨૨ ભારતીય ભાષાઓમાં આબોહવા અને ઉત્પાદન જોખમની આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. જટિલ સંકેતોને સ્થાનિક રીતે સંબંધિત, વ્યવહારૂ અને કાર્યક્ષમ માર્ગદર્શનમાં રૂપાંતરિત કરે છે. ખેડૂતોને તેમના પાક, જમીન અને મોસમી પરિસ્થિતિઓના સંદર્ભમાં સલાહ મળે છે - પછી ભલે તે જોખમ ભેજનું દબાણ હોય, ગરમીનો સંપર્ક હોય, ચોમાસાની શરૂઆતમાં વિલંબ હોય કે પૂર સંબંધિત પાકને નુકસાન હોય, બધી જ માહિતી સરળતાથી મળી રહે છે. જોકે પ્રદેશ પ્રમાણે હજુય તેમાં ભિન્નતા હોય છે છતાં હવામાન

સંબંધી આગાહીઓ કે અનુમાને ઘણાખરા પ્રમાણમાં સત્યની સાથે હોય છે એટલે ભારત વિસ્તાર એ દિશામાં તો ચોક્કસ સારી કામગીરી કરી શકશે તેમ માનવામાં આવે છે.

ભારત 'વિસ્તાર' અંગે હકીકતો

- ફક્ત સ્માર્ટફોન જ નહીં, પરંતુ બેઝિક ફીચર ફોન પર ફોન કોલ્સ દ્વારા કામ થઈ શકશે.
- છ મહિનાની અંદર, તે એગ્રીસ્ટેક ડેટાબેઝ સાથે લિંક થઈ જશે, જેનાથી સિસ્ટમ ખેડૂતનું સ્થાન, જમીનના રેકોર્ડ અને પાકનો ઇતિહાસ તેમના ફોન નંબર પરથી જ આપમેળે જાણી શકશે.
- ભવિષ્યમાં ૧૧થી વધારે ભાષાઓ અને આખરે ૨૨થી વધારે પ્રાદેશિક ભાષાઓમાં મળશે.
- પ્લેટફોર્મ સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ વિવિધ નામો હેઠળ કાર્ય કરે છે, જેમ કે મહાવિસ્તાર (મહારાષ્ટ્ર), અમૂલ એઆઈ (ગુજરાત), અને બિહાર કૃષિ એપ (બિહાર).
- તે રાષ્ટ્રીય ડિજિટલ કરોડરજ્જૂ તરીકે કાર્ય કરે છે, ૧૦થી વધારે મુખ્ય કેન્દ્રીય યોજનાઓ એમાં જોડાયેલી છે. યાર્ડના ભાવ પણ આપશે.
- ખેડૂતોના પ્રશ્નો અને ત્વરિત જવાબ મળે છે.

(સંદર્ભ : ફુલછાબ તા.૦૯-૦૩-૨૦૨૬ વ્યાપાર ભૂમિમાંથી સાભાર)

અનુસંધાન પાના નં ૩૦નું ચાલુ

ઈશ્વરની આરાધના કરવી, પ્રાતઃ માતા-પિતાના ચરણ સ્પર્શ કરવા આ બધા વ્રત એ ઉપવાસ છે. સારું ચિંતન કરવું કોઈને સારા વિચાર કે જ્ઞાન આપવું એ પણ વ્રત છે, ઉપવાસ છે.આ બધા તન અને મનના સાચા વ્રત છે, ઉપવાસ છે. આ બધા વ્રત-ઉપવાસ ધારણ કરવાથી જીવન ધન્ય બને છે.

- "મિતાહાર, આનંદ અને શાંતિ આ ત્રણેય જગતના ઉત્તમ દાક્તરો છે."

— WHO

- "આરોગ્ય વીમા પ્રીમિયમ એટલે, : નિયમિત કસરત અને માફક સરનો આહાર." — ગુણવંત શાહ
- "કાયા, વાણી અને મનથી કોઈને દુભવવા નહીં તે જીવનનાં સાચા વ્રત-ઉપવાસ છે."
- "અલખની અજાયબી તો જુઓ ।
  ભોજન છે એને ભૂખ નથી અને
  ભૂખ છે એને ભોજન નથી !"

— સંત પુનિત મહારાજ

'સહકાર' પાક્ષિક અને 'ગ્રામસ્વરાજ' માસિકના જાહેરાતના દર

તા. ૧-૧૦-૨૦૨૪ થી

સહકાર પાક્ષિક	એકવાર	ત્રિમાસિક	છ માસિક	વાર્ષિક
૧. આખું પાન	૬,૦૦૦/–	૩૦,૦૦૦/–	૬૦,૦૦૦/–	૧,૦૦,૦૦૦/–
૨. અડધું પાન	૪,૦૦૦/–	૨૦,૦૦૦/–	૪૦,૦૦૦/–	૯૦,૦૦૦/–
૩. પા પાના	૩,૦૦૦/–	૧૫,૦૦૦/–	૩૦,૦૦૦/–	૬૫,૦૦૦/–
૪. શુભેચ્છા	૨,૦૦૦/–	૧૦,૦૦૦/–	૧૮,૦૦૦/–	૪૦,૦૦૦/–

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

'સહકાર' વિશેષાંક : ૨૦૨૫ થી

૧.	ટાઈટલ પાન – ૪	૪૦,૦૦૦/–
૨.	ટાઈટલ પાન – ૨ / ૩	૨૫,૦૦૦/–
૩.	આર્ટ પેપર ફોર કલર	૧૫,૦૦૦/–
૪.	અંદરનું આખું પાન	૭,૫૦૦/–
૫.	અંદરનું અડધું પાન	૫,૦૦૦/–
૬.	અંદરનું પા પાન	૩,૦૦૦/–

જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/–

'ગ્રામસ્વરાજ' માસિક	એકવાર	વાર્ષિક
૧. ટાઈટલ પાન – ૪	૫,૦૦૦/–	૫૦,૦૦૦/–
૨. ટાઈટલ પાન – ૨ / ૩	૪,૦૦૦/–	૪૦,૦૦૦/–
૩. અંદરનું આખું પાન	૩,૦૦૦/–	૩૦,૦૦૦/–
૪. અંદરનું અડધું પાન	૨,૦૦૦/–	૨૦,૦૦૦/–
૫. પા પાન	૧,૦૦૦/–	૧૦,૦૦૦/–
૬. શુભેચ્છા	૫૦૦/–	૫,૦૦૦/–

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-09-2026)

૮ સપ્ટેમ્બર, ૨૦૨૬

૬૦મો આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ

"Literacy fro people, the planet and prosperity"

(લોકો, પૃથ્વી અને સમૃદ્ધિ માટે સાક્ષરતા)

દર વર્ષે યુનો દ્વારા ૮ સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ ઉજવવામાં આવે છે. યુનેસ્કોએ ૭ નવેમ્બર, ૧૯૬૫ના રોજ આ દિવસની ઉજવણી ૮ સપ્ટેમ્બર, ૧૯૬૬થી કરવાનું નક્કી કર્યું હતું. ત્યારથી આ દિવસની વિશ્વભરમાં ઉજવણી થઈ રહી છે. વર્ષ ૨૦૨૬નો આ ૬૦મો આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ છે. તેની થીમ **"Literacy fro People, Planet and Prosperity"**, એટલે કે "લોકો, પૃથ્વી અને સમૃદ્ધિ માટે સાક્ષરતા" રાખવામાં આવી છે. જે વ્યક્તિગત વિકાસની સાથે સાથે પર્યાવરણની સુરક્ષા (પૃથ્વી) અને આર્થિક પ્રગતિ (સમૃદ્ધિ) લાવવામાં સાક્ષરતા કેવી રીતે પાયાની ભૂમિકા ભજવે છે તેના પર પ્રકાશ પાડે છે.

વિશ્વમાં શિક્ષણ અને સાક્ષરતાના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો આ દિવસ એક મહત્વપૂર્ણ અવસર છે. સાક્ષરતા માત્ર વાંચવા-લખવાની ક્ષમતા નથી, પરંતુ વ્યક્તિને જ્ઞાન, વિચારશક્તિ, આત્મવિશ્વાસ અને પોતાના અધિકારો અંગે સમજ આપવાનું શક્તિશાળી માધ્યમ છે. વિશ્વમાં સાક્ષરતાના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ હોવા છતાં પડકારો યથાવત છે.

સાક્ષરતા માત્ર શિક્ષણનો વિષય નથી, પરંતુ સમાનતા, ગરીબી ઘટાડવા, રોજગાર, આરોગ્ય, સામાજિક ભાગીદારી અને માનવ ગૌરવ સાથે સીધી રીતે જોડાયેલો વિકાસનો મુદ્દો છે. સાક્ષર વ્યક્તિ પોતાના અધિકારો સમજી શકે છે, રોજગારની તકોનો લાભ લઈ શકે છે અને પરિવાર તથા સમાજ માટે વધુ સારા નિર્ણયો લઈ શકે છે. યુનેસ્કો પણ સાક્ષરતાને માનવ અધિકાર અને સશક્તિકરણનું મહત્વપૂર્ણ સાધન માને છે. આજના ડિજિટલ યુગમાં મોબાઈલ, ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા અને કૃત્રિમ બુદ્ધિ જેવી ટેક્નોલોજી જીવનનો અભિન્ન ભાગ બની છે. તેથી વ્યક્તિને માત્ર વાંચતા-લખતા આવડવું પૂરતું નથી; ઓનલાઈન માહિતીની વિશ્વસનીયતા ચકાસવી, ડિજિટલ સેવાઓનો સુરક્ષિત ઉપયોગ કરવો, ખોટી માહિતીથી બચવું અને ટેક્નોલોજીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો પણ જરૂરી છે.

"સાક્ષરતા સૌ માટે-સશક્ત સમાજ અને વિકસિત રાષ્ટ્ર માટે"ના સંકલ્પ સાથે આપણે દરેક વ્યક્તિ સુધી શિક્ષણ અને જ્ઞાન પહોંચાડવા પ્રયત્નશીલ બનવું જોઈએ. આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ આપણને યાદ અપાવે છે કે જ્ઞાનનો પ્રકાશ દરેક ઘર અને દરેક જીવન સુધી પહોંચે ત્યારે જ સાચો વિકાસ શક્ય બને છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza, B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat